# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ ✻ અંક-૭ ✻ માર્ચ, ૨૦૧૪



ભાળ્યા નિજ ભગવાનને, ચેતનઘન અવિકાર,
આનંદ સાગર ઊછળ્યા, અહો ભવભ્રમણ નિસ્તાર રે.
મંગળ દ્વાર ખૂલ્યા રે....

## આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ કોઈ એમ સમજે કે જેવી રીતે પાકાં આમ્રફળમાં રસ, જાળી, ગોટલી અને છાલ એવી રીતે ચાર અંશ છે, તેવી જ રીતે પદાર્થમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ચાર અંશ છે,—એમ નથી. આ રીતે સમ્યગ્દૃષ્ટિ છે કે જેવી રીતે આમ્રફળ છે અને તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તેનાથી અભિન્ન છે તેવી જ રીતે જીવપદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તેનાથી અભિન્ન છે અને આત્મસત્તા પોતાના સ્વચતુષ્ટયથી સદા અખંડિત છે. ૧૪૦૫ *(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્ય-સાધક દ્વાર, પદ-૪૪)*

✻ મોહનો ક્ષય કરવા માટે પ્રવણ (ઢળતી) બુદ્ધિવાળા બુધજનો આ જગતમાં આગમને વિષે કહેલાં અનંત ગુણોમાંથી કોઈક ગુણો વડે—કે જે ગુણો અન્ય સાથે યોગ રહિત હોવાથી અસાધારણપણું ધારણ કરીને વિશેષપણાને પામ્યા છે તેમના વડે— અનંત દ્રવ્યસંતતિમાં સ્વ-પરના વિવેકને પામો. ૧૪૦૬.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર—ટીકા, ગાથા-૯૦)*

✻ જહાં તક મંડપ વહાં તક હી વેલ કી બઢવારી હૈ ઔર જબ મંડપકા અભાવ હો, તબ વેલ સ્થિર હોકે આગે નહીં ફૈલતી, લેકિન વેલમેં વિસ્તાર—શક્તિકા અભાવ નહીં કહ સકતે, ઈસી તરહ સર્વવ્યાપકજ્ઞાન કેવલીકા હૈ, જિસકે જ્ઞાનમેં સબ પદાર્થ ઝલકતે હૈં, વહી જ્ઞાન આત્માકા પરમસ્વભાવ હૈ. ઐસા જિસકા જ્ઞાન હૈ વહી શુદ્ધાત્મા ઉપાદેય હૈ. યહ જ્ઞાનાનંદરૂપ આત્મારામ હૈ, વહી મહામુનિયોંકે ચિત્તકા વિશ્રામ (ઠહરનેકી જગહ) હૈ. ૧૪૦૭

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.—૧, ગાથા—૪૭)*

✻ ઈસ સંસારરૂપ તીવ્ર ભયસે ભયભીત હોનેવાલે જીવોંકો યહ અહિંસા હી એક પરમ ઔષધ હૈ. ક્યોંકિ યહ સબકા ભય દૂર કરતી હૈ તથા સ્વર્ગ જાનેકે લિયે અહિંસા હી માર્ગમેં અતિશય યા પુષ્ટિકારક પાથેયસ્વરૂપ (ભોજનાદિકી સામગ્રી) હૈ. ૧૪૦૮. (શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૮, શ્લોક--૪૯)

✻ સમ્યગ્જ્ઞાનમયી મોહ યા આત્માકે અનુભવકા રાગ હિતકારી વ પ્રશસ્ત મોહ હૈ ઔર સંસારસે છુડાનેવાલા હૈ. યદિ શરીરકે મોહમેં લિપ્ત હો જાવે તો ઈસ શરીરકે મોહસે અનંત સંસારમેં રુલતા હૈ. ૧૪૦૯.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક—૩૭૬)*

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
વર્ષ–૮
અંક–૭
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર
સંવત
૨૦૭૦
March
A.D. 2014

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૨મી સમ્યક્ત્વ જયંતી પ્રસંગે

# તત્ત્વબોધક વચનામૃત

## * પાત્ર જીવનું લક્ષણ *

પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે. આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે. શુભભાવનાં કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે, બીજું બહારનું કોઈ પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કોઈ પ્રયોજન હોતું નથી—લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે; લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય તેવી તેને પ્રીતિ હોય છે. જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે, બીજો કોઈ અન્ય હેતુ તેનો હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે.

## * જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ થઈ શકે *

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ થઈ

છું એકલો હું, કોઈ પણ મારાં નથી લોકત્રયે,
—એ ભાવનાથી યોગીઓ પામે સુશાશ્વત સૌખ્યને. ૮૧. —શ્રી મોક્ષપ્રાભૃત

શકે તેવો અવકાશ રહે છે. પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે તો જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે.

## ✻ રાગનો ભાવ છોડી દે ને વીતરાગ થઈ જા ✻

દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા તેનો અર્થ એમ છે કે જે પોતે આગળ વધવા માંગે છે તેણે દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે, તેમણે શું માર્ગ બતાવ્યો છે, તે હૃદયમાં રાખીને—તેનો આશય ગ્રહણ કરીને—મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખવાં પણ તેથી શુભભાવમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. પોતે દ્રવ્યદૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં લીન થતો હોય ત્યારે શુભ વિકલ્પમાં અટકી જવું એવો તેનો અર્થ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ જ બતાવી રહ્યાં છે કે શુભ વિકલ્પ છે તે વિભાવ છે અને તું બધાથી નિરાળું નિર્વિકલ્પ તત્ત્વ છે. તું અમારા ઉપરથી પણ દૃષ્ટિ ઉઠાવી દે, રાગનો ભાવ છોડી દે ને વીતરાગ થઈ જા, તેમ દેવ-શાસ્ત્ર-ગુરુ પોતે બતાવી રહ્યા છે. પ્રયોજન તો વીતરાગતા કરવાનું છે પણ સાધક છે એટલે પહેલાંથી વીતરાગતા પૂર્ણ થઈ જતી નથી ને તેનો ઉપયોગ બહાર આવે છે. ભેદજ્ઞાનની ધારા ચાલતી હોય ત્યારે પણ શુભના અનેક જાતના વિકલ્પો હોય છે. માટે શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુને તારે સાથે રાખવા. તું તારી મેળાએ—તારી મતિ-કલ્પનાથી માર્ગને શોધીશ નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહી રહ્યાં છે તેનો આશય સમજીને તું તે માર્ગે ચાલજે, મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહે છે તે આશય સમજીને પછી સ્વભાવ સાથે મેળવી, તારા પોતાથી નિર્ણય કરી—નક્કી કરી મુક્તિનાં પ્રયાણ ચાલુ રાખજે. તારી મતિ-કલ્પનાથી તું માર્ગમાં ચાલતો નહિ એવો અર્થ છે.

## ✻ જહાં રુચિ લગે, ઉપયોગ વહાં હી લગે ✻

મહિમા અર્થાત્ આત્માકી અદ્‌ભુતતા લગની ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે કિ યહ કોઈ અદ્‌ભુત તત્ત્વ હૈ. મેરી આત્મા કોઈ સામાન્ય નહીં હૈ, સિદ્ધભગવાન જૈસી હૈ ઔર સબ લોક ઊપર તીરતા હૈ ઐસા મૈં અદ્‌ભુત હૂં. જહાં રુચિ લગે, ઉપયોગ વહાં હી લગે. ભગવાનકી જિસકો મહિમા હોતી હૈ કિ ભગવાન વીતરાગ સ્વરૂપ હૈ ઉસકો મંદિરમેં ભગવાનકા દર્શન કરતે સમય ભગવાનકી પ્રતિમાકો દેખકર આશ્ચર્ય લગતા હૈ કિ કૈસા ભગવાન! ઠીક વૈસે હી ચૈતન્યભગવાનકા આશ્ચર્ય લગના ચાહિયે કિ વીતરાગ આત્મા ઐસી હી હૈ ફિર વહ છૂટે નહિ. આત્માકી મહિમા લગે તો ઉસકો દેખનેકે લિયે ઉપયોગ

નિશ્ચયનયે—જ્યાં આતમા આત્માર્થ આત્મામાં રમે,
તે યોગી છે સુચરિત્રસંયુત; તે લહે નિર્વાણને. ૮૩. —શ્રી મોક્ષપ્રાભૃત

બાર બાર વહાં હી જાય, લેકિન મહિમા ન લગે તો મૈં જ્ઞાનસ્વરૂપ હૂં ઐસા છૂટ જાતા હૈ.

ભગવાનકી મહિમા લગે તો મંદિરમેં પ્રતિમાજીકો દેખકર શાંતિ હોતી હૈ કિ ભગવાન કૈસા વીતરાગ હૈ! ઐસે આત્મભગવાનકી મહિમા લગની ચાહિયે. પ્રતિમાજી ઐસી હૈ તો સાક્ષાત્ ભગવાન કૈસા હોગા!! ઐસે સાક્ષાત્ ભગવાનકી મહિમા આવે વૈસે આત્મભગવાનકી મહિમા આની ચાહિયે. ઔર ચિત્ત વહાં હી લગે તો દૂસરી કહીં ભી જગહ લગે નહીં.

## * સાચો પુરુષાર્થ કરે તો કાર્ય આવ્યા વગર રહેતું નથી *

બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય? કેમ ઓળખાય?— એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે—સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ, આંબાનું બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે અને પછી તેમાં જ્ઞાન—વૈરાગ્ય—ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય. તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. આ સ્વભાવ છે અને આ વિભાવ છે—એમ વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ.

ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો જ પ્રયાસ કરવો, થાકવું નહિ. તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે અને તે જ સ્વભાવનું ખરું ગ્રહણ કરવાની રીત છે.

## * ચૈતન્ય અનંતગુણમાં ખેલે છે, રમે છે, ડોલે છે *

અનાદિથી વિકલ્પનો અભ્યાસ થઈ રહ્યો છે એટલે વિકલ્પ જ દેખવામાં આવે છે તથા વિકલ્પ મંદ થાય તો શાંતિ લાગે છે અને વિકલ્પ વધારે હોય તો આકુળતા લાગે છે. પરંતુ આ તો અંતરમાં વિકલ્પ રહિત થવાની વાત છે. આત્મા પોતે—સ્વયં જાગૃતસ્વરૂપ છે, અસ્તિસ્વરૂપ છે. તેનું અસ્તિત્વ કાંઈ ચાલ્યું ગયું નથી. વિકલ્પની અસ્તિ ચાલી ગઈ, છતાં પોતાનું અસ્તિત્વ ઊભું રહે છે અને તે અસ્તિત્વ ચૈતન્યપણે છે. તે ચૈતન્ય આનંદગુણથી ભરપૂર છે. તેનો આનંદગુણ કોઈ જુદો જ છે—અદ્‌ભુત છે અને જ્ઞાનગુણ

ગ્રહી મેરુપર્વત-સમ અકંપ સુનિર્મળા સમ્યક્ત્વને,
હે શ્રાવકો! દુખનાશ અર્થે ધ્યાનમાં ધ્યાતવ્ય તે. ૮૬. —શ્રી મોક્ષપ્રાભૃત

પણ કોઈ અદ્‌ભુત છે. એવા તો અનંતગુણો તેમાં છે. બધા વિકલ્પો છૂટી જાય તો પછી રહેશે કોણ? એક આત્મા રહે છે. તેમાં આનંદગુણ પ્રગટે છે, આનંદગુણની અનુભૂતિ થાય છે. વિકલ્પના અભ્યાસમાં વિકલ્પ જ દેખાય છે, બીજું કાંઈ દેખાતું નથી. તેથી તેને એમ થાય છે કે વિકલ્પ છૂટી જતાં પછી રહેશે શું? આનંદગુણથી ભરેલો આત્મા રહે છે. તે ચૈતન્ય અનંતગુણમાં ખેલે છે, રમે છે, ડોલે છે. કોઈ કહે છે કે અમને શાંતિ.....શાંતિ.....લાગે છે. પણ તે અમુક વિકલ્પ મંદ થાય તેની શાંતિ છે. જ્યારે આ શાંતિ તો કોઈ જુદી જ છે. તે પ્રગટ થતાં તેને અંદરથી તૃપ્તિ થાય છે કે આ સિવાય કોઈ માર્ગ નથી, આ જ મુક્તિનો માર્ગ છે.

### * આત્માની રુચિ લાગે તો જ આત્મામાં જઈ શકાય છે *

બહારમાં ન ગમતું હોય તો જ આત્મામાં ગમે. બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ. આત્માની રુચિ લાગે તેને બહારની રુચિ તૂટી જાય છે. બહારમાં રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી, તે આત્મા તરફ જઈ શકતો નથી. અનાદિકાળથી પોતે બહારમાં તન્મય થઈને રહ્યો છે માટે આત્માની લગની લાગી નથી. આત્માની રુચિ લાગે તો જ આત્મામાં જઈ શકાય છે. ઘણા કહે છે ને? કે ક્યાંય ગમતું નથી તો તારા આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર. ત્યાં ગમે તેવું છે, તે તારું રહેવાનું સ્થાન છે, સુખનું ધામ છે. સ્વરૂપને ગ્રહણ કરવાનો પુરુષાર્થ કર, તો તેમાંથી સુખ પ્રગટ થશે. બહાર ન ગમે તો જ અંદરમાં જવાય તેમ છે. બહાર રુચે તેને માટે બહારનો સંસાર ઊભો જ છે.

### * યથાર્થ જિજ્ઞાસા જાગે તો સ્વભાવને ઓળખી જ લ્યે *

મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ એવું વસ્તુનું સ્વરૂપ છે. મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે. આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો– મૂંઝાયેલો કે જેને શાંતિ નથી, અશાંતિ છે તે એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી. જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ અને પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ—અર્થાત્ જ્ઞાયકને ઓળખ્યા વગર રહે જ નહિ, જ્ઞાયકનું શરણ લીધા વગર રહે જ નહિ. જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે, તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી. તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને

> **સમ્યક્ત્વને જે જીવ ધ્યાવે તે સુદ્રષ્ટિ હોય છે,**
> **સમ્યક્ત્વપરિણત વર્તતો દુષ્ટાષ્ટકર્મો ક્ષય કરે. ૮૭. —શ્રી મોક્ષપ્રાભૃત**

યથાર્થ જિજ્ઞાસા જાગે તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી, સ્વભાવને ઓળખી જ લ્યે છે.

*** મારા ભાવે મારા ધ્યાને જ્ઞાયકદેવ હોજો ***

દેવ-શાસ્ત્ર-ગુરુ અને શુદ્ધાત્મા મંગળ છે. એક શુદ્ધાત્માનું ધ્યેય રાખીને, શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય? નિર્મળ પર્યાય કેમ પ્રગટે? નવીન પર્યાય કેમ પ્રગટ થાય? તે ભાવના રાખવા જેવી છે.

મારા ભાવે, મારા ધ્યાને, મારા બધા વર્તનમાં જ્ઞાયકદેવ હજો. જ્ઞાનમાં જ્ઞાયકદેવ, દૃષ્ટિમાં જ્ઞાયકદેવ, લીનતામાં જ્ઞાયકદેવ, બધે જ્ઞાયકદેવ હજો. આવે છે ને? કે "મારા ધ્યાને હજો, મારા ભાવે હજો જિનવાણ રે" તેમ મારા ધ્યાનમાં, મારા ભાવમાં, મારા મનની અંદર જ્ઞાયકદેવ હજો, શુદ્ધતામાં જ્ઞાયકદેવ હજો અને શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ હજો એવી ભાવના, એવું રટણ, એવી જિજ્ઞાસા તે બધું કરવા જેવું છે. એક શુદ્ધાત્માને લક્ષમાં રાખવાથી—તેના ધ્યેયને ઓળખવાથી નવીન પર્યાયો પ્રગટ થાય તે જ નવીનતા છે. આ નવીન વર્ષ કહેવાય તે વ્યવહારથી, પણ અંતરમાં નવીન પર્યાયો પ્રગટ થાય તે ખરી નવીનતા છે. માટે શુદ્ધાત્માનું—જ્ઞાયકદેવનું ધ્યાન રાખવું. એ જ જીવનમાં કર્તવ્ય છે, બાકી બધું ગૌણ છે. સારભૂત હોય તો એક આત્મા છે. સર્વોત્કૃષ્ટ, અનુપમ—જ્ઞાયક તત્ત્વને ઓળખવા જેવું છે. ખરું આ જ કરવા જેવું છે. બસ આમાં બધું આવી ગયું.

*** આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને હોય છે ***

મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે. આત્માર્થીને ન શોભે એવી જાતના—મર્યાદા તોડીને જે—વિચારો થાય તેવા આત્માર્થીને હોય નહિ, તેવાં કાર્યો પણ આત્માર્થીને હોય નહિ. જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને હોય છે. પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી. પોતાનાં પરિણામ કઈ જાતનાં છે તે વિચારીને, તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી. મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે. આત્માર્થતાને ક્યાંય નુકસાન પહોંચે તેવા મર્યાદા રહિતનાં પરિણામ આત્માર્થીનાં હોય નહિ.

*** શ્રદ્ધા તો બરાબર જ કરવી ***

ભેદજ્ઞાન પ્રયાસ કરવાથી થાય છે, પ્રયાસ વગર થતું નથી. કેવળ મંથન કરતાં

> બહુ કથનથી શું? નરવરો ગત કાળ જે સિદ્ધ્યા અહો!
> જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો. ૮૮. —શ્રી મોક્ષપ્રાભૃત

કરતાં ભેદજ્ઞાન થઈ જાય એમ બને નહિ; પણ પરિણતિને જુદી પાડતાં પાડતાં થઈ જાય છે. પરંતુ તે જાતનું ધ્યેય હોવું જોઈએ. પરિણતિ જુદી પાડવાનું–સ્વભાવ જુદો પાડવાનું ધ્યેય હોવું જોઈએ. અને તે પ્રયાસ કરતાં કરતાં થાય જ. ન કેમ થાય? પોતે જ છે, બીજો કોઈ નથી. વિશ્વાસ અને પ્રતીતિને છોડવાં નહિ; શ્રદ્ધા તો બરાબર કરવી. પ્રયાસ ઓછો–વધારે થાય પણ શ્રદ્ધા બરાબર કરવી કે આ રસ્તે અને આ રસ્તે પ્રયાસ કરવાથી થવાનું જ છે. જેમ કે અહીં ગામ છે એમ નક્કી થયા પછી ચલાય ઓછું, છતાં ચાલે જ. તેવી રીતે નક્કી–દ્રઢતા કરે તો કાર્ય થયા વગર રહેવાનું નથી. શ્રદ્ધામાં હારીશ નહિ, શ્રદ્ધા બરાબર કરજે. જેવી દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા દ્રઢ રાખે છે તેમ આત્મામાં આ રસ્તે જ પહોંચાશે એવી શ્રદ્ધા બરાબર રાખજે.

પોતાના પુરુષાર્થની મંદતા છે, કારણ ઓછું આપે છે, ત્યાં દ્રષ્ટિને થંભાવતો નથી. દ્રષ્ટિ થોડીવાર થંભી-ન થંભી ત્યાં છૂટી જાય છે–એટલે ભેદજ્ઞાન થતું નથી. રસ બહાર દોડ્યો જાય છે એટલે પરિણતિ પોતાને છોડીને બહાર જાય છે. દ્રષ્ટિને એકદમ તે-મય–તન્મય કરતો નથી તેથી થતું નથી, આ રીતે પોતાનું કારણ છે.

### * આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થતો નથી *

જ્ઞાયકની મહિમા આવે, તેમાં સર્વસ્વતા લાગે, તેની રુચિ,–શ્રદ્ધા થાય તો જીવ તે તરફ વળે છે, તે વિના વળી શકતો નથી. બહારમાં જ જેણે સર્વસ્વ માની લીધું છે અર્થાત્ થોડી ક્રિયા ને શુભભાવ કરીને તેમાં સર્વસ્વ માની લે છે તેને આત્માની પ્રાપ્તિ (–સમ્યગ્દર્શન–સ્વાનુભૂતિ) થતી નથી.

અશુભથી બચવા શુભભાવ વચ્ચે આવે તેનાથી પુણ્ય બંધાય. પણ આત્મા તે બંનેથી ન્યારો છે તેવી શ્રદ્ધા થવી જોઈએ; અને શ્રદ્ધા થાય તો તે તરફ વળે.

અનંતકાળથી તેણે બધું કર્યું પણ આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી. તે બધે ભમ્યો, બધું કંઠાગ્રે કર્યું પણ આત્માને ઓળખ્યો નથી; આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થતો નથી.

### * લગની લાગે તો પુરુષાર્થ થાય જ *

લગની લાગે અને પુરુષાર્થ ન ઊપડે એવું બને જ નહિ અને પુરુષાર્થ ન ઊપડે તો લગની જ લાગી નથી. અંદરથી તૃષા લાગી હોય તો તે પાણી ગોતવાનો પ્રયત્ન કર્યા વગર

> નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
> સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને. ૮૯. —શ્રી મોક્ષપ્રાભૃત

રહે જ નહિ; પણ અંદર તરસ જ લાગી નથી. લગની લાગે તો પુરુષાર્થ થાય જ અને તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. ગુરુદેવે વિધિ ઘણી સ્પષ્ટતાથી બતાવી છે પણ પોતાને અંદરથી લાગે તો વિધિ ગોતે ને? ખરેખર લગની લાગી જ નથી. વિધિ એક જ છે કે આત્માને ઓળખવો, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું. આત્મા કોણ છે? આત્મા શાશ્વત છે તે કઈ રીતે છે? વગેરે વિચાર કરીને નક્કી કરે અને એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન કરે. પરમાર્થ પંથ એક જ છે પણ તે પોતે કરતો નથી.

## * આત્મા કરતાં કોઈ ચીજની મહિમા વધી ન જાય *

આત્માને ગ્રહણ કરવા પોતાની વિશેષ પાત્રતા હોવી જોઈએ. કોઈ જાતની અન્યમાં તન્મયતા ન થાય, આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની કોઈ વસ્તુ આશ્ચર્યભૂત ન લાગે, એક પોતાનો આત્મા જ આશ્ચર્યકારી ને સર્વોત્કૃષ્ટ લાગે, આત્મા કરતાં કોઈ ચીજની મહિમા વધી ન જાય, દેવ-શાસ્ત્ર-ગુરુ અને એક આત્મા તેના કરતાં બીજું કાંઈ વિશેષ લાગે નહિ, એવી પાત્રતા હોવી જોઈએ. બહારના નિષ્પ્રયોજન પ્રસંગોમાં કે કષાયોના રસમાં વિશેષ એકત્વ—તન્મય થઈ જાય, તે બધું આત્માર્થીને—પાત્રતાવાળાને ન હોય. જેને આત્માનું પ્રયોજન છે તેને પર સાથેનું એકત્વ મંદ પડી જાય છે,—અનંતાનુબંધીનો બધો રસ મંદ પડી જાય છે.

આત્માર્થીને તત્ત્વ કેમ ગ્રહણ થાય? તે જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. તેને બહારમાં ક્યાંય વિશેષ તન્મયતા થઈ જતી નથી. આત્માની મુખ્યતા છૂટીને ક્યાંય સંસારી કાર્યોમાં વિશેષ,—વધારે પડતો રસ આવી જતો નથી. તેને આત્માનું જ પ્રયોજન રહે છે. એવી તેની પાત્રતા હોય છે.

શ્રીમદ્‌જીમાં આવે છે ને? કે વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા ને જિતેન્દ્રિયપણું તે બધું તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે. આત્માર્થી ક્યાંય રાગમાં ખેંચાય નહિ અને દ્વેષમાં ખેદાય નહિ, બધામાં મધ્યસ્થ રહે. તેને બધા રાગ-દ્વેષ છૂટી નથી જતા પણ બધો રસ છૂટી જાય છે, બધું મર્યાદામાં આવી જાય છે. સમ્યગ્દર્શન થાય એટલે બધાથી જુદો પડી જાય અને તેને તો બધું મર્યાદામાં આવી જાય છે. જ્ઞાનીને અનંતાનુબંધીનો રસ છૂટી ગયો છે, બધાથી ન્યારો થઈ ગયો છે અને ભેદજ્ઞાન છે તેને લઈને વધારે પડતો જોડાતો નથી, એકત્વ થતો નથી પણ જુદો જ રહે છે. તેને જ્ઞાયકતાની ધારા ચાલે છે. પાત્રતાવાળો પણ આત્મા પ્રગટ કરવો છે એટલે બધેથી રસ તોડે છે ને ક્યાંય વિશેષ તન્મય થતો નથી. કોઈ

> દૃષ્ટિ જે, તે સુખવિહીન પરિભ્રમે સંસારમાં,
> જર-જન્મ-મરણપ્રચુરતા, દુખગણસહસ્ર ભર્યા જિહાં. ૯૫. —શ્રી મોક્ષપ્રાભૃત

વિકલ્પોમાં કે કોઈ બહારનાં કાર્યોમાં કે કોઈપણ જાતના ઘર-કુટુંબ વગેરેમાં તે વિશેષ તન્મય થતો નથી. ''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ'' માત્ર મુક્તિની—મોક્ષની અભિલાષા તેને રહે છે. દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન તેને રહે છે.

### * એક ચૈતન્યને ગ્રહણ કરવાનો છે *

બહારમાં ક્યાંય ચેન ન પડે, એકત્વબુદ્ધિ વખતે પણ ચેન ન પડે તો પોતાને શોધીને પોતાનો આશ્રય ગ્રહણ કરે. તે ન થાય ત્યાં સુધી શ્રુતનું ચિંતવન કરે, દેવ-શાસ્ત્ર-ગુરુમાં ચિત્ત લગાવે. તે વિચાર કરે કે હું ચૈતન્ય છું, ચૈતન્ય છું, પણ તે ભાવનામાં એકસરખું રહી શકાતું નથી, કારણ કે તે ભાવના સહજ નથી. સહજ નથી એટલે વિચાર બીજે-બીજે જાય—શ્રુતના ને દ્રવ્ય- ગુણ-પર્યાયના ચિંતવનમાં ઊભો રહે. હું જુદો છું, હું જુદો છું, એમ એકના એક વિકલ્પમાં, વિકલ્પવાળો ઉપયોગ છે એટલે ટકી શકતો નથી. તેથી ભાવના એમ રાખે કે હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, અને વારે-વારે અભ્યાસ પણ કર્યા કરે. ઉપયોગ એકમાં ટકી શકતો નથી તેમ જ એક ને એક વિકલ્પવાળું ચિંતવન લૂખું થઈ જાય છે, માટે શ્રુતના ચિંતવનના વિચારમાં રોકાય છે. છતાં કરવાનું તો એક જ છે—ભેદજ્ઞાન કરીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે એમ એક ચૈતન્યને ગ્રહણ કરવાનો છે.

### * સ્વભાવની મહિમા આવે તો વિભાવનો રસ નીતરી જાય *

પોતાની ઘણી તૈયારી હોય ત્યારે વિકલ્પ ટળે છે. અનાદિકાળથી એકત્વબુદ્ધિનો અભ્યાસ છે, શરીર તરફ એકત્વબુદ્ધિ છે. ક્ષણે ક્ષણે શરીર તે હું ને હું તે શરીર, વિભાવ તે હું ને હું તે વિભાવ એવી એકત્વબુદ્ધિ છે. તે એકત્વબુદ્ધિ તૂટે અને સ્વભાવની મહિમા આવે, હું તો એક જ્ઞાયક છું એમ સ્વભાવની લગની લાગે, અંદરથી તાલાવેલી જાગે તો વિભાવનો રસ નીતરી જાય—ઊતરી જાય. જોકે પછી અમુક વિભાવ ઊભો રહે છે, પણ તેનો બધોય રસ ઊતરી જાય છે, અને પોતાના સ્વભાવની મહિમા—પ્રેમ વિના ક્યાંય રુચે નહિ, એટલી તૈયારી થાય ત્યારે જ્ઞાયકની દૃષ્ટિ કરે. જ્ઞાયકની દૃષ્ટિ ક્યારે થાય? સ્વભાવની મહિમા આવ્યા વિના અને વિભાવનો રસ ઊતર્યા વગર જ્ઞાયકની દૃષ્ટિ થતી નથી. બહારમાં દૃષ્ટિ જાય છે તે બધો રસ ઊતરી જાય અને સ્વભાવની મહિમા આવે તો વિભાવનો રસ નીતરી જાય. સ્વભાવની લગની લાગે તો વિભાવનો રસ ઊતરે અને વિભાવનો રસ ઊતરે તો સ્વભાવની દૃષ્ટિ થાય અને વિકલ્પ છૂટે.

'સમ્યક્ત્વ ગુણ, મિથ્યાત્વ દોષ' તું એમ મન સુવિચારીને,
કર તે તને જે મન રુચે; બહુ કથન શું કરવું અરે? ૯૬. —શ્રી મોક્ષપ્રાભૃત

### ✽ અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો ✽

સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે તત્ત્વના ઊંડા વિચારો કરવા, જ્ઞાયકની લગની લગાવવી, તેનો મહિમા કરવો. બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂલ છે. તેની મહિમા અને એકત્વબુદ્ધિ તોડીને હું ચૈતન્ય છું, હું મહિમાનો ભંડાર છું, બધું મારામાં છે, બહારમાં કાંઈ નથી એમ બધા વિકલ્પોની વચ્ચે હું કોણ છું તેને ઓળખવાનો પ્રયત્ન કરવો. તે માટે પોતે સૂક્ષ્મ ઉપયોગ કરે તો તેને ઓળખી શકે છે. બહાર જતો સ્થૂલ ઉપયોગ હોય તો ઓળખી ન શકે. માટે તત્ત્વના વિચારો કરવા, મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તેના વાંચન-વિચારો કરવા અને પોતે અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.

### ✽ ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં અનંતકાળ લાગતો નથી ✽

પરની રુચિ તોડતાં—તોડતાં તેને પરસેવા ઊતરી જાય છે. ઉપલક રુચિ હોય કે આત્માનું જ કરવા જેવું છે પણ એકત્વબુદ્ધિ તોડતાં—તોડતાં મુશ્કેલી પડી જાય છે. અનંતકાળનો અભ્યાસ છે એટલે પ્રયાસ કરી કરીને થાકી જાય છે—ખેદ થાય છે. કરવાનું તો આ જ છે પણ પુરુષાર્થની ખામીને લઈને તેના વિશ્વાસમાં ડોલમડોલ થઈ જાય છે. પોતે છે તો જુદો, પણ મોટાં રાંઢવાં (દોરડાં) જેવું એકપણું કરી મૂક્યું છે. પોતે અનંતકાળ પરની સાથે એકત્વપણાના અભ્યાસમાં રહ્યો છે. હવે તે અનંતકાળની સામે ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં ઘૂંટવામાં અનંતકાળ લાગતો નથી. ધીમો ધીમો અભ્યાસ કરે તો થોડો કાળ જાય છે અને ઉગ્ર કરે તો છ મહિના લાગે છે. અંદર રુચિ ભલે આત્માની હોય, પણ એકત્વબુદ્ધિ તોડતાં તોડતાં તેને મુશ્કેલી પડે છે અને બહાર ચાલ્યો જાય છે.

પોતાના ને પરના લક્ષણને ઓળખીને, આ દ્રવ્ય-ગુણ-પર્યાય મારાં છે અને આ પુદ્ગલના છે, એમ બરાબર ભેદજ્ઞાન કરતાં પ્રજ્ઞાછીણી સાંધની સૂક્ષ્મ રગ જોઈને ચારેબાજુ ફરી વળે છે અને કોઈ જગ્યાએ સાંધ રહેતી નથી, સરખા બે ભાગ થઈ જાય છે. સૂક્ષ્મતાથી લઈએ તો, ગુણના ભેદ, પર્યાયના ભેદ કે કોઈ પણ જાતના રાગમિશ્રિત ભાવ—જે જે ભાવ આવે તે—બધાથી છૂટો પડી જાય છે. જ્ઞાનમાં બધું જાણે પણ એકત્વબુદ્ધિ જ્યાં જ્યાં હોય ત્યાં બધેથી છૂટો પડી જાય છે. શુભભાવો કે જ્યાં પોતાને બહુ રસ લાગે છે તેવા ભાવો, ગુણ-પર્યાયના ભેદો, વગેરે જે જે સૂક્ષ્મ-સૂક્ષ્મ ભાવો આવતા

> આદેયહેય-સુનિશ્ચયી, ગુણગણવિભૂષિત-અંગ જે,
> ધ્યાનાધ્યયનરત જેહ, તે મુનિ સ્થાન ઉત્તમને લહે. ૧૦૨ —શ્રી મોક્ષપ્રાભૃત

હોય તે બધામાં ચારેબાજુ પ્રજ્ઞાછીણી ફરી વળે છે અને ચોખ્ખા બે ભાગ કરી નાંખે છે. આ ચૈતન્યનો ભાગ અને આ વિભાવનો ભાગ એમ બે ભાગ કરી નાંખે છે.

### ✻ સ્વભાવને ઓળખે તો જ રાગ-દ્વેષ ભિન્ન પડે છે ✻

પહેલાં સ્વભાવની પ્રતીતિ કરે તો રાગ-દ્વેષ ભિન્ન પડે, તે પહેલાં ભિન્ન વાસ્તવિકપણે કેવી રીતે પડે? બાહ્ય વૈરાગ્યપૂર્વક તેને મોળા પાડે કે આ સારાં નથી, આ રાગ-દ્વેષ કરવા જેવા નથી. પણ તે રીતે વાસ્તવિક ભિન્ન પડતા નથી, સ્વભાવને ઓળખે તો જ રાગ-દ્વેષ ભિન્ન પડે છે.

જે પાત્ર આત્માર્થી હોય—જેને આત્માનું પ્રયોજન હોય—તેને વધારે પડતા અર્થાત્ પોતાને શોભે નહિ તેવા કષાયો ન હોય પણ કષાયની ઉપશાંતતા અને વૈરાગ્ય એ બધું હોય. મારે આત્માનું જ કરવું છે. આ રાગ-દ્વેષ કાંઈ રાખવા જેવા નથી એમ આત્માનું પ્રયોજન સાધવા માટે વૈરાગ્ય કરે તો રાગ-દ્વેષ મોળા પડે, પણ ભેદજ્ઞાન કર્યા વગર તે ભિન્ન પડતા નથી.

પહેલાં પાકી શ્રદ્ધા (નિર્ણય) કરે કે હું જ્ઞાયક-જાણનારો જ છું. શુભાશુભ ભાવ મારું સ્વરૂપ નથી. શરીર જુદું અને આત્મા જુદો છે. આ શરીર કાંઈ જાણતું નથી. હું અંદરમાં એક જાણનારું તત્ત્વ અનાદિ-અનંત શાશ્વત છું. આ રીતે તે જાણનાર તત્ત્વનો નિર્ણય બરાબર કરવો જોઈએ. જોકે તેને અશુભથી બચવા વચ્ચે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે તોપણ મને એક આત્મા કેમ ઓળખાય? તે પ્રયોજન તેનું હોવું જોઈએ. પ્રથમ આત્માની મહિમા આવવી જોઈએ કે આ બધું બહારનું સારભૂત વસ્તુ નથી, સારભૂત તો એક આત્મા જ છે. એમ મહિમા—નિર્ણય અંતરમાંથી થવો જોઈએ. પહેલાં એકદમ લીનતા ન થાય, પહેલાં શ્રદ્ધા થાય ને પછી લીનતા થાય તો રાગ-દ્વેષ છૂટે.

### ✻ સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી થાકવું નહિ ✻

પુરુષાર્થ કરવો તે પોતાના હાથમાં છે. ચૈતન્યનું રટણ વારંવાર કર્યા કરવું, થાકવું નહિ અને તેમાં ને તેમાં ઊભો રહે તો અંદરમાં પ્રવેશ થવાનો અવકાશ છે. સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી થાકવું નહિ. વારંવાર તેની ભાવના-રુચિ, શ્રુતનું ચિંતવન, તત્ત્વના વિચાર, વિભાવથી વિરક્તિ, ચૈતન્યની મહિમા ને દેવ-શાસ્ત્ર- ગુરુની મહિમા આવ્યા કરે. કાર્ય ન થાય ત્યાં સુધી ચૈતન્યને ધ્યેયમાં રાખીને તેમાં ને તેમાં રહે અને તેનું ઘૂંટણ કર્યા

**પ્રણમે પ્રણત જન, ધ્યાત જન ધ્યાવે નિરંતર જેહને,**
**તું જાણ તત્ત્વ તનસ્થ તે, જે સ્તવનપ્રાપ્ત જનો સ્તવે. ૧૦૩. —શ્રી મોક્ષપ્રાભૃત**

કરે, પણ થાકે નહિ. લાંબો ટાઈમ થઈ ગયો અને અંદરમાં કાંઈ થતું નથી માટે તેનો રસ ઊડી જાય તેમ ન કરવું. વારંવાર તેની જ ભાવના કર્યા કરવી, તેની સમીપ જ રહ્યા કરવું.

## * જિજ્ઞાસુને શુભભાવ આવ્યા વગર રહેતા નથી *

રુચિવાળા જીવને દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચે આવ્યા વગર રહેતા નથી. મને મારું સ્વરૂપ કેમ ઓળખાય, ગુરુ મને શું માર્ગ બતાવે છે, ગુરુએ શું કહ્યું છે, એવા વિચારો તેને આવ્યા વગર રહેતા નથી. પણ તેથી તેને વ્યવહારનો પક્ષ આવી જાય છે તેમ નથી. તેને ભાવના રહે છે તેથી ભક્તિ આવ્યા વગર રહેતી નથી. ગુરુ એમ કહે છે કે તું તારા શુદ્ધાત્માને ઓળખ, બધા શુભભાવથી તારો શુદ્ધાત્મા જુદો છે. છતાં જિજ્ઞાસુને શુભભાવ આવ્યા વગર રહેતા નથી, પણ તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તે જીવ વ્યવહારથી લાભ માને, તેમાં સર્વસ્વ માને, તેનાથી મને મોક્ષ મળશે તેમ માને તો તેમાં વ્યવહારનો પક્ષ આવે છે. બાકી જે શુભભાવ આવે તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. શુભભાવ આવે છે તેની સાથે જિજ્ઞાસુની શ્રદ્ધા એવી થઈ જતી નથી કે આ શુભભાવથી મને લાભ છે. જિજ્ઞાસુની શ્રદ્ધા અને રુચિ તેમાં ભેગાં ભળી જતાં નથી.

જિજ્ઞાસુને બુદ્ધિપૂર્વક એવો નિર્ણય હોય છે કે ગુરુએ કહ્યું છે કે તારો શુદ્ધાત્મા વિકલ્પ વગરનું નિર્વિકલ્પ તત્ત્વ છે. શુભભાવ તારું સ્વરૂપ નથી એમ ગુરુએ જે કહ્યું છે તે તેણે વિચારથી દૃઢ કરેલ છે. તેથી શુભભાવ આવે એટલે તેમાં વ્યવહારનો પક્ષ આવીને એવી શ્રદ્ધા થઈ જતી નથી.

શુભભાવથી મને લાભ થાય, દેવ-શાસ્ત્ર-ગુરુ મને લાભ કરી દેશે, તેઓ કરે તેમ થાય, હું મારા પુરુષાર્થથી કાંઈ કરી શકું નહિ એવી જેને માન્યતા નથી તેને વ્યવહારનો પક્ષ આવતો નથી. જેને એવી શ્રદ્ધા છે કે હું મારાથી કરું ત્યારે જ થવાનું છે, છતાં ગુરુ મને ઉપકારરૂપ છે અને ગુરુએ જ મને બધું આપ્યું છે, એવી શુભભાવના આવે છે, પરંતુ તેનાથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેની શ્રદ્ધા તો જુદી જ રહે છે.

યથાર્થ શ્રદ્ધાની વાત તો જુદી છે, તે સહજરૂપે જ્ઞાનીને—ભેદજ્ઞાનીને હોય છે. જિજ્ઞાસુને પણ બુદ્ધિપૂર્વકની જે શ્રદ્ધા છે તે શ્રદ્ધામાં ભૂલ આવતી નથી. ગુરુની ભક્તિ કરે તેમાં શ્રદ્ધાની ભૂલ આવતી નથી, તેમાં વ્યવહારનો પક્ષ આવતો નથી. જિજ્ઞાસુ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરે છે; છતાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી. તેમાં સર્વસ્વ માને ત્યારે વ્યવહારનો પક્ષ આવે છે.

**અર્હંત-સિદ્ધાચાર્ય-અધ્યાપક-શ્રમણ—પરમેષ્ઠી જે,**
**પાંચેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૪. —શ્રી મોક્ષપ્રાભૃત**

જેને ભેદજ્ઞાન પ્રગટ થયું છે એવા આચાર્યો ધવલાદિ શાસ્ત્રો રચે છે, કોઈ અધ્યાત્મનાં શાસ્ત્રો રચે છે. તો તેમાં પક્ષ આવી જાય છે? પદ્મનંદિ આચાર્ય ભક્તિનાં શાસ્ત્રો રચે છે, તો તેમાં વ્યવહારનો પક્ષ આવી જતો નથી, ત્યાં પણ સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે. જિજ્ઞાસુએ નક્કી કર્યું છે કે આ બધા વિભાવથી છૂટો હું ચૈતન્ય દ્રવ્ય છું, તે ભલે બુદ્ધિથી નક્કી કર્યું છે છતાં તેને ભક્તિના ભાવ આવે અને તે કાર્યમાં જોડાય તેથી કંઈ ભક્તિના કાર્યથી વ્યવહારનો પક્ષ આવી જતો નથી.

*** તૂ એકબાર કુતૂહલ કરકે દેખ તો સહી ***

બાહરકી મહિમા હૈ, બાહરમેં રુક રહા હૈ ઈસલિયે સ્વયંકી મહિમા નહીં આતી. બાહરકે પદાર્થોમેં રુક જાતા હૈ, ઉનકી મહિમા લગતી હૈ, બાહર દેખનેમેં આશ્ચર્ય લગતા હૈ, યહ દેખૂં–યહ દેખૂં ઐસે સબ બાહર દેખનેમેં રુક જાતા હૈ ઔર ભીતરમેં ચૈતન્યભગવાન આત્મા દેખનેમેં નહીં આતી હૈ ઈસલિયે વિશ્વાસ નહીં આતા ઈસ વજહસે મહિમા નહીં આતી. ઔર બાહરમેં વિશ્વાસ આતા હૈ, ઈસલિયે બાહરમેં સબ મહિમાવંત લગતા હૈ.

બાહરમેં કોઈ સામાન્ય બાત હો તો ભી કુતૂહલ કરકે દેખનેકો જાતા હૈ, લેકિન ભીતર આત્માકા આશ્ચર્ય કરકે–કુતૂહલ કરકે–દેખનેકો ભી નહીં જાતે. શાસ્ત્રમેં આતા હૈ કિ તૂ એકબાર કુતૂહલ કરકે દેખ તો સહી! કિ અંદર કૈસી આત્મા બિરાજમાન હૈ!

*** મારે એક આત્મા જ જોઈએ ***

“માત્ર મોક્ષ અભિલાષ”–એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે–– એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ-વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે. જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું

**સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન, સત્ચારિત્ર, સત્તપચરણ જે,**
**ચારેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૫. —શ્રી મોક્ષપ્રાભૃત**

આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે—આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે.

### ✻ આકુળતા કરે તો કાર્ય ન થાય ✻

આત્માનો જ્ઞાનસ્વભાવ કેવી રીતે ગ્રહણ થાય? રાગથી કેમ છૂટો પડું? ભેદજ્ઞાન કેમ થાય? પ્રજ્ઞાછીણીથી સૂક્ષ્મ થઈને અંદરમાં જ્ઞાનને કેમ ગ્રહણ કરાય? આટલો ટાઈમ થયો તો કેમ થતું નથી? એવી બધી અંદરમાં આકુળતા થાય છતાં તેમાં શાંતિ રાખે કે મારી ભાવના છે તો થવાનું જ છે. પ્રયત્ન ચાલુ જ રાખે ને ધીરજથી માર્ગને ઓળખવાનો પ્રયત્ન કરે. આત્માનો સ્વભાવ શું છે? જ્ઞાયક શું છે? જ્ઞાન તે જ હું છું, આ બધો રાગ છે તે મારો સ્વભાવ નથી. તે વેદન જુદી જાતનું છે અને જ્ઞાનનો જે જાણવાનો સ્વભાવ છે તે જાત જુદી છે. એમ લક્ષણથી રાગને ભિન્ન ઓળખ્યા કરે અને જ્ઞાનને ગ્રહણ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ બને છે અને દર્શનમોહ ચાલ્યો જાય છે. પરંતુ તેને ધીરજ હોવી જોઈએ. જો આકુળતા-ઉતાવળ કરે તો કાર્ય ન થાય. ગમે તેટલો ટાઈમ જાય તો પણ વારંવાર પ્રયત્ન કર્યા જ કરે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું કારણ થાય છે. પહેલાં આકુળતા તો થાય પણ શાંતિ રાખવી જોઈએ.

### ✻ વારંવાર જ્ઞાયકના સંસ્કાર દ્રઢ કરવા ✻

જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તેનું ચિંતવન, તેની મહિમા, તેની લગની, સત્સંગ, શ્રવણ-મનન આદિ વારંવાર કરવાં. છાશને વલોવતાં-વલોવતાં માખણ બહાર આવે છે તેમ વારંવાર જ્ઞાયકનું મંથન કર્યા કરવું. ગુરુદેવે બતાવ્યું છે તે પ્રમાણે પુરુષાર્થ વારંવાર કરવો. હું ચૈતન્ય જુદો છું, આ વિભાવ જુદાં છે એમ ભેદજ્ઞાન માટે તૈયારી પોતાને કરવાની છે. બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે, તેમનો સત્સંગ થાય, શ્રવણ-મનન થાય તે બધું વારંવાર કર્યા કરવું. વારંવાર તેના (જ્ઞાયકના) સંસ્કાર દ્રઢ કરવા. રુચિ વારંવાર તીવ્ર થાય તેમ કર્યા કરવું.

### ✻ આત્મા પોતે મહિમાવંત છે, તેની મહિમા કરજે ✻

આત્મા પોતે મહિમાવંત છે, તેની મહિમા કરજે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરજે, મહિમા વગર તારા વિચારો વિગેરે બધું લૂખું થઈ જશે. જો તને મહિમા નહિ આવે તો માત્ર તું જ્ઞાનની વાતો કર્યા કરીશ પણ અંદર લૂખાશ થઈ જશે. મહિમા સાથે હશે તો અંદર

> **ન વિરોધ ભાખ્યો જ્ઞાનીઓએ શીલને ને જ્ઞાનને;**
> **વિષયો કરે છે નષ્ટ કેવળ શીલવિરહિત જ્ઞાનને. ૨.** —શ્રી શીલપ્રાભૃત

તને એમ થશે કે અહો! આત્મા આવો ચમત્કારી છે. અહો! આ આત્માની સાધના દેવ-ગુરુ કરી રહ્યા છે. એવું અંદરથી તને આશ્ચર્ય લાગવું જોઈએ, તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. ભક્તિમાર્ગમાં આમ કહેવું છે.

જ્ઞાન એકલું લૂખું ન હોવું જોઈએ, સાથે ભક્તિ-વિરક્તિ, તત્ત્વવિચાર બધું હોવું જોઈએ. તે બધું હોય તો મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી. અમુક જાતના પરિણામો આવે તોપણ મર્યાદાથી બહાર ન જાય. લૂખું હોય તો મર્યાદા બહાર પરિણામ જાય છે. આ ચૈતન્ય આવો મહિમાવંત છે, વિભાવમાં રોકાવા જેવું નથી તેમ ભાવના આવે છે. દેવ-ગુરુ કેવું કરી રહ્યા છે, એમ મહિમા કરીને પણ પરિણતિને આત્મા તરફ વધારે વાળે છે—નહિતો લૂખું થઈ જાય અને મર્યાદા બહાર ચાલ્યો જાય.

*** અનંતકાળથી નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે ***

સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે. આત્મા તરફ રુચિ રહે, બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહીં—આકુળતા લાગે; દરેક વિચારમાં પણ ઊંડો ઊતરીને જોવે તો તે આકુળતાસ્વરૂપ લાગે તેથી આનંદસ્વરૂપ શું છે? આ બધું આકુળતાસ્વરૂપ છે તો આનંદ કયા તત્ત્વમાં છે?— એમ આનંદની એકદમ શોધ કરે; વળી આ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટાય છે તો શાશ્વત એવું દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે? અનંત જ્ઞાન ભરેલું દ્રવ્ય કેવું છે?— એ રીતે તે તરફના અંતરમાં વારંવાર વિચાર કરે તો સ્વભાવને ઓળખે. બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે.—આમ આત્માને સ્વભાવથી ઓળખવો.

દેવ—ગુરુ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે કે અનંતકાળથી નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે. આ વાતનો પોતે વિચાર કરી પોતાના સ્વભાવ સાથે મેળવે અને નક્કી કરે કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે, અને પરિણતિ અંતરમાં જાય તો અનુભવ થઈ શકે એવું છે.

ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા, આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું. પોતે

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)

હો રૂપશ્રીગર્વિત, ભલે લાવણ્યયૌવનકાન્તિ હો,
માનવજનમ છે નિષ્પ્રયોજન શીલગુણવર્જિત તણો. ૧૫. —શ્રી શીલપ્રાભૃત



# વૈરાગ્ય–ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

વળી બીજો દાખલો આપીને બંધુજનો વગેરેના સંયોગની અધ્રુવતા બતાવે છે :–

**पथि पथिकजनानां यथा संयोगो भवति क्षणमात्रम् ।**
**बन्धुजनानां च तथा संयोगः अध्रुवः भवति ।।८।।**

**અર્થ :**—જેમ પંથમાં પથિકજનોનો સંયોગ ક્ષણમાત્ર છે, તે જ પ્રમાણે સંસારમાં બંધુજનોનો સંયોગ પણ અસ્થિર છે.

આત્માને સ્ત્રી, પુત્ર, બંધુજનો વગેરે જેનો સંયોગ થયો તે સંયોગ તો આ ભવમાં નવો થયો ને તે સંયોગ પણ અસ્થિર છે. સંયોગનો વિયોગ થઈ જવાનો. સ્ત્રી વિગેરે જેનો વિયોગ થયો તેનો સંયોગ તો ફરીથી થાય કે ન થાય–તે કાંઈ નિયમ નથી; પણ જેનો સંયોગ થયો તેનો તો અલ્પકાળમાં જરૂર વિયોગ થઈ જશે. ચૈતન્યદ્રવ્ય અસંયોગી છે, ત્રિકાળ રહેનાર છે, માટે તેની જ ભાવના કરવા જેવી છે. રસ્તામાં બંધુજનોની સાથે ચાલ્યો જતો હોય ત્યાં કોઈ માંદો પડે તો બીજા માણસો તેને જીવતો છોડીને ચાલ્યા જાય છે. આમ બંધુજનોનો સંયોગ ક્ષણિક છે. જેમ નદીમાં પાણીનું પૂર આવે ત્યાં માણસો કહે છે કે આપણી નદીમાં પાણી આવ્યું છે. પણ પાણી ચાલ્યું જ જાય છે. કાંઈ તેની પાસે ઊભું નથી રહેતું. તેમ જગતના પદાર્થોનું પરિણમન થતાં થતાં સંયોગ થયો ત્યાં અજ્ઞાની કહે છે કે અમને આ પદાર્થો મળ્યા. પણ ભાઈ! તે પદાર્થો તો તેના પરિણમન પ્રવાહમાં વહ્યા જ જાય છે; કોઈ પદાર્થ તારી પાસે સ્થિર રહેવાનો નથી, માટે તે સંયોગની ભાવના છોડ ને તારા સ્વભાવની ભાવના કર.

એક વાર એક માણસ એકલો મુંબઈ ગયો. મુંબઈમાં વેપાર કર્યો, પૈસા થયા, સ્ત્રી પરણ્યો અને છોકરાં થયાં, બાર માણસો થયા ને અમુક વખત થતાં મરી ગયાં; પૈસા ચાલ્યા ગયા ને જેવો એકલો ગયો હતો તેવો એકલો પાછો દેશમાં આવ્યો. જુઓ, આ સંયોગ! માટે સંયોગમાં સુખનો વિશ્વાસ છોડીને સ્વભાવની ભાવના કર.

આ જીવ બહોળું કુટુંબ–પરિવાર પામતાં અભિમાનથી તેમાં સુખ માને છે અને

**સૌથી ભલે હો હીન, રૂપવિરૂપ, યૌવનભ્રષ્ટ હો,**
**માનુષ્ય તેનું છે સુજીવિત, શીલ જેનું સુશીલ હો. ૧૮. —શ્રી શીલપ્રાભૃત**

મદ વડે પોતાના સ્વરૂપને ભૂલે છે, પણ એ બંધુવર્ગાદિનો સંયોગ માર્ગના પથિકજન જેવો જ છે, થોડા જ સમયમાં વીખરાઈ જાય છે, માટે એમાં જ સંતુષ્ટ થઈને સ્વરૂપને ન ભૂલવું. સંતોષ તો તારા ક્ષણિક સ્વભાવમાં કર. બહારના સંયોગમાં સંતોષ માનીશ તો તે સંયોગ તો ચાલ્યા જવાના છે, માટે દૃષ્ટિને અંતરમાં ફેરવીને સ્વભાવની ભાવનામાં પુરુષાર્થ ફેરવ.

દેહના સંયોગની અસ્થિરતા બતાવે છે :–

अतिलालितः अपि देहः स्नानसुगन्धैः विविधभक्ष्यैः ।
क्षणमात्रेण अपि विघटते जलभृतः आमघट इव ॥६॥

**અર્થ :**—જુઓ તો ખરા આ દેહ, સ્નાન અને સુગંધી વસ્તુઓ વડે સુધરતા હોવા છતાં પણ તથા અનેક પ્રકારનાં ભોજનાદિ ભક્ષ્યો વડે પાલન કરતાં હોવા છતાં પણ, જળ ભરેલા કાચા ઘડાની માફક, ક્ષણમાત્રમાં વિલય પામી જાય છે. ૯.

દેહનું ગમે તેટલું લાલન-પાલન કરો પણ તે તો અશુચિનો ઘડો છે. તેમાંથી તો અશુચિ નીકળશે. સ્નાન કરાવે, ઋતુ ઋતુના ખોરાક ખવડાવે—એવા ભાવ કરે પણ દેહનો તો ક્ષણમાં નાશ થઈ જાય છે. દેહની ક્રિયા તો કાંઈ આત્મા કરી શકતો નથી. દેહને સાચવવાની ઈચ્છા કરે, તેથી કાંઈ દેહ તેનો રાખ્યો રહેવાનો નથી.

એક સમયમાં જીવન અને બીજા સમયે મરણ—એમાં વચ્ચે કાંઈ આંતરો નથી. તારો આત્મા સદાય શાશ્વત છે તેની જ ભાવના કર. પાણી ભરેલા માટીના કાચા ઘડાની માફક આ દેહ ક્ષણભંગુર છે. આ ક્ષણભંગુરતા બતાવીને તેની ભાવના છોડવાનું કહે છે ને નિત્ય જ્ઞાનાનંદની ભાવના કરવાનું કહે છે.

નિયમસારમાં કહ્યું છે કે ધર્માત્માઓએ નિત્ય સ્વભાવની ભાવના કરવી. અહીં ક્ષણિક ભાવોની ભાવના છોડવી એને "અનિત્ય ભાવના" કહે છે. તેમાં પણ ખરેખર અનિત્ય પદાર્થોની ભાવના કરવાનું કહ્યું નથી પણ નિત્ય એવા સ્વભાવની ભાવના કરવાનું જ કહે છે. વિકલ્પ ઉઠતાં સંયોગ ઉપર લક્ષ જાય, ત્યાં તેને ક્ષણિક જાણીને ધર્મી જીવ પોતાના સ્વભાવની ભાવના વધારે છે, એનું નામ અનિત્ય ભાવના છે.

અહો! જુઓને! ક્ષયની ઈસ્પિતાલમાં કેવા-કેવા જુવાનજોધ માણસો છે! જુવાન શરીર હોય અને ક્ષણમાં ક્ષય લાગુ પડી જાય. વીસ-પચ્ચીસ વર્ષની ઉંમર હોય, ચડતું

પ્રાણીદયા, દમ, સત્ય, બ્રહ્મ, અચૌર્ય ને સંતુષ્ટતા,
સમ્યક્ત્વ, જ્ઞાન, તપશ્ચરણ છે શીલના પરિવારમાં. ૧૯. —શ્રી શીલપ્રાભૃત

લોહી હોય છતાં ક્ષય લાગુ પડી જાય. ત્યાં આત્મા શું કરે? દેહની સામે જોઈને તેમાં જ શરણ ભાસે છે. પણ ભાઈ! દેહ તો ક્ષણિક છે. તેનો એક પરમાણુ તારી પાસે નહિ રહે, માટે તે દેહ ઉપરની દૃષ્ટિ છોડ ને તારા જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ કરીને તેની ભાવના કર.

ધર્માત્મા ચક્રવર્તી હીરા માણેકની શિલા ઉપર બેસીને સ્નાન કરે, ઊંચી જાતના ખોરાક ખાય, પણ તે વખતે અંદરમાં ભાન છે કે આ દેહ તે અમારો નથી. દેહનો ક્ષણિક સંયોગ અમારો નથી. અમે તો જ્ઞાનાનંદ(સ્વભાવી) આત્મા છીએ. તે જ અમારું શરણ છે. ચક્રવર્તીનું શરીર પણ ક્ષણમાં વિલય પામી જાય છે, માટે શરીરમાં સ્થિરબુદ્ધિ છોડીને આત્માના નિત્ય સ્વભાવ તરફ વળ. (ક્રમશઃ)❑

---

(અનુસંધાન પેજ નં. ૧૬ થી ચાલુ)

વિચાર કરીને તેમ જ શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા ને યુક્તિથી અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને નક્કી કરે. જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય, વળી જે આનંદને ઈચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઈએ તથા આનંદ કોઈ બીજાના આશ્રયે ન થાય—સ્વયંથી થાય. આમ અંતરમાં પોતે મેળવીને નક્કી કરે, મહિમા લાવે ને તે બાજુનો પુરુષાર્થ કરે તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય છે.

---

## વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## ✻ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૨૮-૪-૨૦૧૪ સોમવારથી થી તા. ૧૭-૫-૨૦૧૪ શનિવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

આ સમય દરમિયાન ગુજરાત-સૌરાષ્ટ્રના ૧૪ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

# ધન્યાવતાર ભગવતી ચંપાબેનનો મુમુક્ષુ સમાજ ઉપર ઉપકાર

(પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની માસિક જન્મજયંતી પ્રસંગે
બ્ર. વ્રજલાલભાઈ શાહે વઢવાણમાં આપેલ વક્તવ્ય)

શ્રાવણ માસની કૃષ્ણપક્ષની રાત્રિનો પાછલો પહોર છે. વઢવાણના મહાલક્ષ્મી મંદિર પાસેના પીપળાવાળા ઘરના એક નાના ઓરડામાં ઢળતા યૌવનવાળી એક બેન નાનકડી બાળાને પારણામાં ઝુલાવે છે. દશાશ્રીમાળી સ્થાનકવાસી આ બેનનાં મુખમાંથી નીચે મુજબ જૈન મંગલાચરણની ગાથા ભાવપૂર્વક મંદસ્વરે નીકળે છે.

धम्मो मंगलमुक्किट्ठं अहिंसासंजमो तओ । देवावि तस्स पणमंति जस्स धम्मे सया मणो ॥

આવું હાલરડું ગાઈને કાળજાના કટકાને સુવાડનાર કે (જગાડનાર) કોણ છે આ? એ છે તેજબા જેઠાલાલ શાહ અને પારણામાં પોઢનાર કોણ છે આ બડભાગી મહેમાન? એ છે માતાની લાડલી, પિતાની કાળજકોર; બંધુની એ બેનડી, જાણે ચંદ્ર ચકોર. એ વિદેહી મોંઘેરા મહેમાન છે. આખા મુમુક્ષુ જૈન સમાજની માળાનો મેર,

**ધન્યાવતાર ભગવતી ચંપામૈયા.**

જેઓ વિ.સં. ૧૯૭૦ શ્રાવણ વદ-૨ શુક્રવારે આ અવનિને પાવન કરવા અવતર્યાં.

પિતા : જેઠાલાલભાઈ—નખશીખ પ્રમાણિક, ધર્મભીરૂ પીતા.

માતા : તેજબા ધર્મ સંસ્કારવાળા, નરમ સ્વભાવનાં કુટુંબ વત્સલ માતા.

બંધુ-૧ : વજુભાઈ—ચતુર, મુત્સદ્દી, સ્વાભિમાની, ધર્મવત્સલ, કુશળ ઈજનેર.

બંધુ-૨ : હિમંતભાઈ—ઊંડા આદર્શ આત્માર્થી, વિરક્ત મનવાળા, ગુરુવાણી મર્મજ્ઞ, વિજ્ઞાન, ગણિત, સાહિત્યના સાચા અભ્યાસી અને ચંપાબેનના બાળપણના સાથી.

બેન : સમરતબેન સૌથી વડીલ, ઘરરખુ ગૃહિણી, કરાંચીમાં રહેતાં હતાં

વઢવાણમાં વિ.સં. ૧૯૭૪મા પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો. લોકો ગામ છોડી બીજે ગામ વસવા લાગ્યા. પૂજ્ય માતા તેજબા આ રોગચાળામાં ફસાઈ ગયા અને દેહ ત્યાગીને ચાલી નીકળ્યા. ચંપાબેન તે વખતે સાડા ત્રણ વર્ષનાં હતા. ઘરમાં કોઈ સાચવનાર ન હોવાથી તે મોટા બેન પાસે કરાંચી ગયાં. બાળપણ ત્યાં વીત્યું. શિક્ષણ ત્યાં લીધું. બુદ્ધિશાળી હોવાથી લગભગ પ્રથમ નંબરે પાસ થતાં. તેમને સતી મંડળનું પુસ્તક ઈનામમાં મળ્યું હતું. આજન્મ વૈરાગી હોવાથી તેમને દીક્ષા લેવાના ભાવ આવતા. તે સમયે પ્રસિદ્ધ સાંપ્રદાયિક ધાર્મિક શિક્ષણ પણ લીધું અને ઘણી બાબતો કંઠસ્થ કરી. પૂર્વના સંસ્કારવશે તેમણે રૂમાલમાં જિનપ્રતિમા ચામર સહિત દોરાની ગુંથણીથી ચિત્રિત કર્યાં. (સંપ્રદાયમાં જિનેન્દ્ર ભગવાનની પ્રતિમાની માન્યતા ન હોવા છતાં) તેમનો સ્વભાવ અંતર્મુખી હોવાથી આત્માની ઘણી શક્તિઓનું બાહ્ય પ્રકટીકરણ કર્યું. લગભગ ૧૫ વર્ષની ઉંમરે તેઓ વઢવાણ આવ્યાં. ત્યાં તેમને સૌરાષ્ટ્રના આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીનો જૈનધર્મનાં પાયાના સિદ્ધાંતોનો અપૂર્વ ઉપદેશ સાંભળવા મળ્યો. આ ઉપદેશ સાંભળતાં જ તેમને તેમાં ઊંડો રસ પડ્યો અને જાણે કે અધુરું મુકેલ કાર્ય પુરું કરવાની કાળલબ્ધિ પાકી હોય એમ લાગતું. જૈન ધર્મનું મૂળ સમ્યક્ દર્શનનું સ્વરૂપ તેમને બેસી ગયું અને હવે તો તે પ્રાપ્ત કરવાના એકમાત્ર ધ્યેય પૂર્ણ કરવામાં તે લાગી ગયા. તેમને ૧૯મું વર્ષ

ચાલતું હતું ત્યારે વાંકાનેરમાં સં. ૧૯૮૯ના ફાગણ વદ-૧૦ના દિવસે અમરચંદભાઈના મકાનમાં સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યું. પોતાના સાધ્ય મોક્ષ માટેનાં મંગળદ્વાર ખૂલી ગયાં.

તેઓ જે પંક્તિઓ ભાવથી ગાતા ''કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા, નિર્ગ્રંથોનો પંથ ભવઅંતનો ઉપાય છે.'' ''કંચન વરણો નાહ રે, મુને કોઈ મિલાવો'' ''દૂર કાં પ્રભુ દોડ તું મારે રમત રમવી નથી.'' ''સંગ ત્યાગી, અંગ ત્યાગી, વચન તરંગ ત્યાગી'' તે બધા વિકલ્પ શમી ગયાં. સત્યધર્મ તેમને હાથ લાગી ગયો, ભવસમુદ્રનો કિનારો આવી ગયો અને આ પરમશાંતિ–નિશ્ચળતાનું મૂળ એવા પરમ તારણહાર શ્રી કહાનગુરુદેવના ચરણમાં–શરણમાં ''તે તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન'' કહી સોનગઢમાં રહી ગયાં. સત્સંગ, ગુરુવચનામૃતનું પાન અને પોતાની નીકટ ભવ્યતાથી હાથ લાગેલ નિજ સહજપૂર્ણ શુદ્ધાત્માના ધ્યાનથી તેમનું જીવન ઉજ્જ્વલતર, પવિત્રતર, અધિકાધિક વિકસતું ગયું.

સંવત ૧૯૯૩ના ચૈત્ર વદ-૮ને દિવસે એક અદ્ભુત ઘટના બની. તેમને લોકોત્તર જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું. પોતે ગતભવમાં વિદેહક્ષેત્રમાં નૌવલપુર નગરમાં શ્રેષ્ઠી પુત્ર હતા. ત્યાંના રાજાના પુત્ર ફતેહમંદકુમાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જીવ)ના મિત્ર હતા. વિદેહીનાથ સીમંધર ભગવાનના સમવસરણમાં ધર્મદેશના સાંભળવા જતા, તે વખતે ત્યાં પધારેલ ભરતક્ષેત્રના મહાન આચાર્ય કુંદકુંદદેવનાં તેમણે દર્શન કર્યાં. તે વખતે ધર્મસભામાં ભગવાનના શ્રીમુખેથી નીકળેલી દિવ્યધ્વનિમાં આવેલ કે આ કુંદકુંદાચાર્યપ્રણીત જૈનધર્મની, આ સભામાં ઉપસ્થિત ફતેહમંદ રાજકુમાર ભરતક્ષેત્રમાં જન્મ લઈ ખૂબ પ્રભાવના કરશે. તે ધાતકી વિદેહમાં ભાવી તીર્થંકર પણ થશે. આ વાણી બહેનશ્રીએ સાંભળી અને તે વખતનાં દ્રશ્યો તેમણે સ્પષ્ટ જોયા.

પૂજ્ય બહેનશ્રીએ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ દ્વારા જે પ્રભાવના થઈ તેમાં અણમૂલ સાથ આપ્યો. જિનમંદિર, સમવસરણ મંદિર, માનસ્તંભ મંદિર, પરમાગમમંદિર, પ્રવચનમંડપ (હવે કહાનગુરુ જીવન દર્શન સ્થાન)ની રચનામાં પોતાના પૂર્વભવના જાતિસ્મરણજ્ઞાનના આધારે અતિ મૂલ્યવાન માહિતી આપી. સોનગઢમાં સત્સંગ અર્થે રહેલાં સાઈઠથી વધુ બાલબ્રહ્મચારી બહેનોના આશ્રમમાં રહીને ભારતભરમાં અજોડ કહેવાય એવું માર્ગદર્શન આપ્યું. તેઓ સાચા અર્થમાં ''માતા'' બનીને તેમના અધ્યાત્મ જીવનનાં શિલ્પી બન્યાં. તેમની વાણીમાંથી તૈયાર કરાયેલ 'બહેનશ્રીના વચનામૃત', પુસ્તકે પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ મુમુક્ષુઓને તો પ્રભાવિત કર્યા જ તદ્ઉપરાંત ભાવનગરની કોલેજના પ્રાધ્યાપકથી માંડીને તળાજાના શિવમંદિરના મહંત સુધીના જિજ્ઞાસુઓને પ્રભાવિત કર્યા. ત્યારબાદ તેમના 'સાધના અને વાણી' અને 'પૂજ્ય બહેનશ્રીનો જ્ઞાન વૈભવ' વગેરે પુસ્તકો પ્રકાશિત થયાં. જે મુમુક્ષુઓને આત્મસાધનામાં પ્રેરક નીવડ્યા. તેમની આંતરિક શક્તિ અચિંત્ય હતી. શરીરની ઉગ્ર બિમારી વખતે પણ તેની ઉપેક્ષા કરીને જોનારા સૌને આશ્ચર્યચકિત કર્યા અને જ્ઞાનીની દૃષ્ટિ અને જ્ઞાનનું બળ ક્યાં હોય છે તેની પ્રતીતિ કરાવી.

પૂજ્ય બહેનશ્રીએ જન્મ લઈને વઢવાણને ગૌરવ અપાવ્યું, સમ્યક્ત્વ રત્ન લઈને વાંકાનેરને સ્વાનુભૂતિ તીર્થ બનાવ્યું અને સત્સંગ તથા સાધના દ્વારા સોનગઢને તીર્થોમાં શિરોમણિ બનાવ્યું. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સૌરાષ્ટ્રનું અજોડ રત્ન છે.



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રતાપે સોનગઢ 'અધ્યાત્મ-તીર્થધામ' રૂપે પલટાઈ ગયું. સોનગઢનું શાંત અધ્યાત્મમય વાતાવરણ અને ભરચક ધાર્મિક કાર્યક્રમો જોઈને બહારથી આવેલા જિજ્ઞાસુઓ મુગ્ધ બની જતા. સોનગઢમાં ઉત્સવો, માત્ર રૂઢિગત શૈલીથી નહી પણ તે તે ઉત્સવને અનુરૂપ ભાવભીના વાતાવરણમાં ખાસ અનેરી શૈલીથી ઉજવાતા. થોડા દિવસ અહીં રહેનાર જિજ્ઞાસુને પછી બીજે ઠેકાણે જવું ગમતું નહિ. અને તેને એમ લાગતું કે—ખરેખર આત્માર્થીની અધ્યાત્મ-સાધનાને પોષક ને પ્રોત્સાહક શાન્ત ધાર્મિક વાતાવરણ ગુરુદેવના આ પવિત્ર ધામ જેવું અન્યત્ર ક્યાંય નથી.

વિ.સં. ૨૦૦૧ના વૈશાખ વદ છઠના રોજ દિગંબર જૈન સમાજના સુપ્રસિદ્ધ અગ્રિમ નેતા, ઈન્દોરના શ્રી હુકમચંદજી શેઠ પૂજ્ય ગુરુદેવની આધ્યાત્મિક ખ્યાતિ સાંભળીને, ગુરુદેવનાં દર્શન તથા સત્સંગ માટે સોનગઢ આવ્યા. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને અને ભક્તિ વગેરેનું અધ્યાત્મરસભીનું વાતાવરણ દેખીને ખૂબ જ પ્રભાવિત થયા. પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખે વિશિષ્ટ વાતો સાંભળીને તથા સમવસરણની રચના જોઈને તેમને ઘણી જ પ્રસન્નતા થઈ. શ્રી હુકમીચંદજી શેઠ આવ્યા પછી સોનગઢ તરફ દિગંબર સમાજનો પ્રવાહ વિશેષ વધવા લાગ્યો.

ધીમે ધીમે સોનગઢ એક અધ્યાત્મવિદ્યાનું અનુપમ કેન્દ્ર—તીર્થધામ બની ગયું. બહારગામથી અનેક હજારો મુમુક્ષુ ભાઈ-બહેનો, દૂર દેશોથી ઘણા દિગંબર જૈનો, પંડિતો, ત્યાગીઓ, બ્રહ્મચારીઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશનો લાભ લેવા આવતા થયા.

પૂજ્ય ગુરુદેવનો પાવન પ્રભાવનાઉદય વધતો ગયો, જિજ્ઞાસુઓની આવ વધતી ગઈ, ઉત્સવના દિવસોમાં સ્વાધ્યાયમંદિર નાનું પડવા લાગ્યું. તેથી અઢીહજાર માણસ

**તપ-દાન-શીલ-સુવિનય—રત્નસમૂહ સહ, જલધિ સમો,**
**સોહંત જીવ સશીલ પામે શ્રેષ્ઠ શિવપદને અહો! ૨૮. —શ્રી શીલપ્રાભૃત**

છૂટથી બેસી સાંભળી શકે એવો વિશાળ, વચ્ચે થાંભલા વિનાનો, અનેક પૌરાણિક સુંદર ચિત્રો ને તત્ત્વબોધક સૈદ્ધાંતિક સુવાક્યોથી સુશોભિત 'શ્રી કુંદકુંદપ્રવચનમંડપ' બંધાયો. સં. ૨૦૦૩ના ફાગણ સુદ એકમના રોજ તેનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી હુકમચંદજી શેઠ આનંદવિભોર થઈને બોલ્યા કે 'મારા હૃદયમાં એવો ભાવ આવી જાય છે કે મારી બધી જ સંપત્તિ આ સદ્ધર્મની પ્રભાવના અર્થે ન્યોછાવર કરી દઉં તોપણ ઓછું છે.'

ત્યાર પછી ફાગણ સુદ ત્રીજના દિવસે વીંછિયા ગામમાં સોનગઢ પછી સર્વ પ્રથમ દિગંબર જિનમંદિરનું શ્રી હુકમચંદજી શેઠના શુભ હસ્તે શિલારોપણ થયું.

સં. ૨૦૦૩ના ફાગણ વદ ત્રીજે સોનગઢમાં ભારતવર્ષીય દિગંબર જૈન વિદ્વત્પરિષદનું પં. શ્રી કૈલાશચંદ્રજી સિદ્ધાંતશાસ્ત્રી (બનારસ)ના અધ્યક્ષપણામાં વાર્ષિક અધિવેશન થયું. આ અધિવેશનનો પ્રસંગ ઘણો જ પ્રભાવશાળી હતો. સોનગઢનું અધ્યાત્મમય વાતાવરણ દેખીને તથા પૂજ્ય ગુરુદેવ દ્વારા થઈ રહેલી દિગંબર જૈનધર્મની અધ્યાત્મતત્ત્વપ્રચારપ્રમુખ અભિવૃદ્ધિને જોઈને બધાય વિદ્વાનો ખૂબ જ પ્રભાવિત થયા હતા.

પૂજ્ય ગુરુદેવનું સમગ્ર જીવન બ્રહ્મચર્યના અદ્‌ભુત તેજથી અતિશય દેદીપ્યમાન હતું. તેમને પ્રથમથી જ બ્રહ્મચર્યનો અસીમ પ્રેમ હતો. દીક્ષિતપણે તેમને માત્ર શાસ્ત્રસ્વાધ્યાય અને તત્ત્વચિંતનની જ ધૂન રહેતી. ચારિત્રનું પાલન ઘણું કડક હતું. સ્ત્રીઓ પ્રતિ ન કદી નજર કરતા કે ન તેમની સાથે વાર્તાલાપ કરતા. સંપ્રદાયમાં એકવાર ગુરુ દ્વારા કહેવામાં આવ્યું : 'કાનજી! આ બહેનને શાસ્ત્રની ગાથા સમજાવ.' પૂજ્ય ગુરુદેવે તેનો ઇનકાર કરતાં સવિનય કહ્યું કે—'મહારાજ! સ્ત્રીઓ સાથે પ્રસંગ પડે એવું કોઈ પણ કામ મને કદી ચીંધશો નહિ.' અહા! કેવો ફાટફાટ વૈરાગ્ય! બ્રહ્મચર્યનો કેવો અદ્‌ભુત રંગ! પૂજ્ય ગુરુદેવ, સ્ત્રીઓ પ્રત્યે અત્યંત ઉપેક્ષાવૃત્તિએ, માત્ર પુરુષોની સભા પ્રત્યે જ નજર જાય એવી રીતે પ્રવચનમાં જરા ત્રાંસા પુરુષાભિમુખ બેસતા, સ્ત્રીઓને કદી પણ સંબોધતા નહિ તથા તેમની સાથે પ્રશ્નોત્તર કરતા નહિ. બે વખતનાં પ્રવચનો સિવાય, તત્ત્વચર્ચા વગેરે પુરુષોના કાર્યક્રમમાં સ્ત્રીઓને આવવાનો કડક પ્રતિબંધ હતો. પુરુષોના ધાર્મિક વર્ગોમાં પણ સ્ત્રીઓને બેસવાની ગુરુદેવ સખ્ત મનાઈ કરતા હતા. એકલી તો નહિ, પરંતુ એકથી વધારે સ્ત્રીઓ પણ, સાથે પુરુષની હાજરી વિના, દર્શન

વિષયે વિરક્ત કરે સુસહ અતિ-ઉગ્ર નારકવેદના
ને પામતા અર્હંતપદ;—વીરે કહ્યું જિનમાર્ગમાં. ૩૨. —શ્રી શીલપ્રાભૃત

કરવા આવી શકતી નહિ. કોઈ સ્ત્રીઓ ભૂલથી પણ જો, બે પ્રવચનો તથા જિનેન્દ્રભક્તિ સિવાય, તત્ત્વચર્ચા વગેરે બીજા કાર્યક્રમમાં આવી જાય, તો પૂજ્ય ગુરુદેવ તાડુકી ઊઠતા અને તેમને સ્થાન છોડી જવાની ફરજ પાડતા.

સ્વાનુભવસમૃદ્ધ-શુદ્ધાત્મતત્ત્વવિજ્ઞાની એવા પૂજ્ય ગુરુદેવના બ્રહ્મચર્યની છાપ સમાજ ઉપર ખૂબ પડતી. તેઓશ્રીના બ્રહ્મચર્યમય આધ્યાત્મિક જીવનથી પ્રભાવિત થઈ નિજ હિત અર્થે કેટલાક કુમાર ભાઈઓએ, અનેક કુમારિકા બહેનોએ અને ઘણાં દંપતિઓએ આજીવન બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા લીધી હતી.

વિ.સં. ૨૦૦૫ના કારતક સુદ ૧૩ના રોજ છ કુમારિકા બહેનોએ પૂજ્ય ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરી. ત્યાર પછીનાં વર્ષોમાં અનુક્રમે આવાં જ બીજાં ૧૪, ૮, ૯ અને ૧૧ કુમારિકા બહેનોએ એકસાથે, તથા છૂટાં છુટાં બીજાં અનેક કુમારિકા બહેનોએ જુદા જુદા પ્રસંગે, પૂજ્ય ગુરુદેવશ્રી સમક્ષ બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા લીધી. અહા! ખરેખર આ ભૌતિક વિલાસપ્રચૂર યુગમાં વીતરાગવિજ્ઞાનના અભ્યાસ માટે પ્રશમમૂર્તિ સ્વાત્મજ્ઞ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણકારી શરણમાં જીવનને વૈરાગ્યમાં ઢાળવાનો આ અનુપમ આદર્શ પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રભાવનાયોગનું એક વિશિષ્ટ અંગ છે.

ગુરુદેવનો પ્રભાવ અને અધ્યાત્મનો પ્રચાર ભારતમાં ઝડપથી ફેલાવા લાગ્યો. સૌરાષ્ટ્રમાં ઠેરઠેર દિગંબર જિનમંદિરોની તૈયારી થવા લાગી. લોકોની જિજ્ઞાસા વધતી ગઈ અને વધુ ને વધુ જિજ્ઞાસુઓ સોનગઢ આવીને લાભ લેવા લાગ્યા.

પૂજ્ય ગુરુદેવના પુનિત પ્રભાવથી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દિગંબર વીતરાગ જૈનધર્મના પ્રચારનું એક અદ્‌ભુત અમિટ આંદોલન પ્રસરી ગયું. જે મંગળ કાર્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે ગિરનાર પર વાદ પ્રસંગે કર્યું હતું તે પ્રકારનું દિગંબર જૈનધર્મની સનાતન સત્યતાની પ્રસિદ્ધિનું ગૌરવપૂર્ણ કાર્ય અહા! પૂજ્ય ગુરુદેવે શ્વેતામ્બરબહુલ પ્રદેશમાં રહી, પોતાના સ્વાનુભવમુદ્રિત સમ્યક્ત્વપ્રધાન સદુપદેશ દ્વારા હજારો સ્થાનકવાસી શ્વેતામ્બરોમાં શ્રદ્ધાનું પરિવર્તન લાવીને, સહજપણે છતાં ચમત્કારિક રીતે કર્યું. સૌરાષ્ટ્રમાં નામશેષ થઈ ગયેલા દિગંબર જૈનધર્મના—પૂજ્ય ગુરુદેવના પ્રભાવનાયોગે ઠેર ઠેર થયેલાં દિગંબર મંદિરો, તેમની મંગલ પ્રતિષ્ઠાઓ તથા આધ્યાત્મિક પ્રવચનો દ્વારા થયેલા—પુનરુદ્ધારનો યુગ આચાર્યવર શ્રી નેમિચંદ્ર સિદ્ધાન્તચક્રવર્તીના મંદિર-નિર્માણયુગની યાદ આપે છે. અહા! કેવો અદ્‌ભુત આચાર્યતુલ્ય ઉત્તમ પ્રભાવનાયોગ!

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—એક બાજુ કહો છો કે શાસ્ત્રો ભણવા જોઈએ ને બીજી બાજુ કહો છો કે શાસ્ત્ર ભણવામાં રોકાઈ જાય તોપણ આત્મા જણાતો નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે વેપાર આદિના અશુભમાં જ રોકાઈ ગયો છે અને આત્મજ્ઞાન થવાનું નિમિત્ત એવા શાસ્ત્રાભ્યાસના પણ જેને ઠેકાણાં નથી તેને કહે છે કે ભાઈ! તું શાસ્ત્ર અભ્યાસ કર. પણ જે એકલા શાસ્ત્રાભ્યાસમાં જ રોકાઈ જાય ને આત્માની સન્મુખ થવાનો પ્રયત્ન કરતો નથી તેને કહે છે કે ભાઈ! શાસ્ત્ર ભણવાનો ગુણ તો અંતરમુખ થઈને અનુભવ કરવો તે છે, તે નિર્વિકલ્પ અનુભવનો પ્રયત્ન કરતો નથી તો શાસ્ત્ર ભણવાનો હેતુ જે આત્મજ્ઞાન છે તે પ્રગટ કર્યું નહિ તો તારા શાસ્ત્ર ભણતર પણ શા કામના? શાસ્ત્ર વાંચન શ્રવણમાં દ્રવ્યની સન્મુખ થવાની જોરદાર વાત વાંચતાં સાંભળતા તેને ધૂન ચડી જવી જોઈએ, તે ન થાય તો શું કામનું?

શ્રોતા :—શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન થયા તે બેમાં આત્માને જાણવામાં શું ફેર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અનંત ગુણો ફેર છે. શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ ધારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈ અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણે છે,તેથી એ બેમાં મોટો ફેર છે.

શ્રોતા :—સમયસાર જેવા મહાન અધ્યાત્મશાસ્ત્ર વાંચી—સાંભળીને પણ કોઈ આગળ કેમ વધતા નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ક્રિયાકાંડની દ્રષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય, પણ ભાઈ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું, રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા-જ્ઞાનમાં ઘૂંટાય છે એ એના શ્રદ્ધા-જ્ઞાનનો સુધારો થાય છે તે આગળ વધ્યા નથી? અંદર શ્રદ્ધા-જ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા-જ્ઞાનને સાચા કર્યા વિનાના જે ત્યાગ-તપ-વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-સ્વરૂપાચરણચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે. પણ બાહ્ય દ્રષ્ટિના આગ્રહવાળાને તે દેખાતા નથી.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* શ્રોતા :—હું જ્ઞાયક છું તે બધા વિકલ્પ ચાલે તે અંતરની શાંતિ ન કહેવાય ?


પૂજ્ય બહેનશ્રી :—તે અંતરની શાંતિ ન કહેવાય. હું જ્ઞાનમય છું, દર્શનમય છું એવા શુભ ભાવને લઈને વિકલ્પની મંદતા થાય, આકુળતા ઓછી થાય એટલે તેને શાંતિ લાગે; પણ તે કાંઈ અંતર સ્વભાવની શાંતિ નથી. તે તો વિકલ્પ મંદ થયા, કષાય મંદ થયો, શુભભાવનો આશ્રય લીધો એટલે શાંતિ લાગે છે. અપ્રશસ્તમાંથી પ્રશસ્તમાં આવે તેથી દેવ-શાસ્ત્ર-ગુરુના વિકલ્પમાં તેને શાંતિ લાગે છે. તેનાથી આગળ જાય અને વળી શ્રુતનું ચિંતવન કરે કે હું જ્ઞાન છું, દર્શન છું તો એવા વિચારો કરે ત્યાં પણ તેને શાંતિ લાગે; પણ તે શાંતિ તેના સ્વભાવની નથી. સ્વભાવની શાંતિ તો યથાર્થ ભેદજ્ઞાન કરે તેને થાય. આનંદ તો વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય ત્યારે સાચો આવે. હું જ્ઞાન છું, દર્શન છું તે તો વિકલ્પમિશ્રિત જ્ઞાન છે, તે કાંઈ નિર્વિકલ્પ દશા નથી.

શ્રોતા :—ચકલાને સમ્યગ્દર્શન થાય તો શું એને આવી બધી ખબર પડતી હશે કે આ વિકલ્પ છે ને આ સાચી શાંતિ છે ?

પૂજ્ય બહેનશ્રી :— ચકલાને ખબર પડી જાય છે. નવ તત્ત્વનાં, જ્ઞાન-દર્શન-ચારિત્રનાં નામ નથી આવડતાં, પણ જે વિચારો આવે છે તે પણ બધી આકુળતા છે, હું તો જુદો છું એવા પોતાના અસ્તિત્વને ગ્રહણ કરી લ્યે છે. તેને નામની જરૂર નથી પડતી, ભાવ ગ્રહણ કરી લ્યે છે. વિકલ્પમાં ક્યાંય સુખ નથી એવી જાતનો ભાવ તેને પ્રગટ થઈ જાય છે. વિભાવ છે તેની આકુળતા ભાસે છે અને અંદરમાંથી ભાવ—ભાસન થઈ જાય છે કે હું કોણ છું ? આ વિભાવ શું ? સ્વભાવ શું ? તેમાંથી તેને સ્વભાવ ગ્રહણ થઈ જાય છે. ચૈતન્ય તે હું, આ રાગાદિ તે હું નહિ, એવું ભાવભાસન થઈ જાય છે અને ચૈતન્યને ગ્રહણ કરી લે છે. બધા સૂક્ષ્મ-સૂક્ષ્મ વિકલ્પો તે પણ આકુળતાવાળા છે. એક વિકલ્પ વગરનો મારો આત્મા છે તેમાં જ મને શાંતિ અને આનંદ છે, એવી પ્રતીતિ અને ભાવભાસન તેને થઈ જાય છે.

અત્યક્ષ-શિવપદપ્રાપ્તિ આમ ઘણા પ્રકારે શીલથી
પ્રત્યક્ષદર્શનજ્ઞાનધર લોકજ્ઞ જિનદેવે કહી. ૩૩. —શ્રી શીલપ્રાભૃત

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત



# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

**પ્રશ્નપત્ર ક્રમાંક–૬ (કુલ માર્ક્સ–૫૦)**

**અભ્યાસ ક્રમ –મોક્ષમાર્ગપ્રકાશક : અધ્યાય સાતમો (નિશ્ચયાભાસીનું સ્વરૂપ)**

પરીક્ષાર્થીનું નામ : ........................................................ ઉંમર : ..........
મંડળનું નામ : ................................................. ગામનું નામ : ................
ફોન નં. : ......................................................... તા. ૨૫-૨-૨૦૧૪

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન–૧ નીચેનામાંથી કોઈપણ સાત પ્રશ્નોના ત્રણથી પાંચ લીટીમાં ઉત્તર આપો. (૨૧)**

(૧) કોઈ જીવ જૈનમતાનુયાયી હોવા છતાં પણ તેને મિથ્યાત્વ રહે છે તેનું કારણ ગ્રંથકાર શું આપે છે?
(૨) શાસ્ત્રમાં આત્માને સિદ્ધ સમાન કહ્યો છે તે કઈ અપેક્ષાએ ? નિશ્ચયાભાસી જીવની તે વિષે શું માન્યતા છે?
(૩) શુદ્ધાત્માનું અથવા શુદ્ધ જીવનું ચિંતવન ક્યા પ્રકારે કરવું જોઈએ? કઈ રીતે ચિંતવન કરવાથી નિશ્ચયાભાસી જેવી માન્યતા થાય?
(૪) જૈનશાસ્ત્રોમાં અધ્યાત્મનો ઉપદેશ હોય તેવા શાસ્ત્રોનો અભ્યાસ તો કરવો જોઈએ પણ અન્ય શાસ્ત્રોના અભ્યાસથી શું લાભ થાય?
(૫) શાસ્ત્રમાં એમ આવે છે 'જે બુદ્ધિ આત્મસ્વરૂપમાંથી નીકળી બહાર શાસ્ત્રોમાં વિચરે છે તે વ્યભિચારિણી છે' તો શું શાસ્ત્ર અભ્યાસ કરવો તે દોષ છે?
(૬) જે શાસ્ત્રમાં લોક વગેરેનું વર્ણન હોય તથા સ્વર્ગ-નરકાદિનું વર્ણન હોય તેવા શાસ્ત્રનો અભ્યાસ કરવાથી શું લાભ થાય?
(૭) જ્ઞાની જીવોને તપનો શા માટે ઉપદેશ આપવામાં આવે છે? શાસ્ત્રમાં તો કોઈ જગ્યાએ તેને ક્લેશરૂપ કહ્યું છે.
(૮) જેના પરિણામ શુદ્ધ થયા હોય તેને બાહ્યત્યાગની શું જરૂર છે?
(૯) શાસ્ત્રમાં તો શુભ-અશુભને સમાન કહ્યા છે તો જ્ઞાની જીવો અશુભ છોડી શુભમાં પ્રવર્તવાનો શા માટે પ્રયત્ન કરે છે?

**પ્રશ્ન–૨ વિગતવાર ઉત્તર આપો. (કોઈપણ ત્રણ)(પાંચ થી ૬ લીટીમાં) (૧૫)**

(૧) નિશ્ચયાભાસી જીવ, જીવને કેવળજ્ઞાન હોવા વિષે કઈ રીતે ભૂલ કરે છે? વાસ્તવિકતા શું છે?
(૨) રાગાદિભાવો નૈમિતિક ભાવો છે. તો શું તેના નાશનો ઉપાય નિરર્થક છે? ગ્રંથના આધારે ચર્ચા કરો.
(૩) મોહના ઉદયથી રાગાદિ થાય છે તથા પૂર્વના અનેક જ્ઞાનીઓની વિષયકષાયરૂપ પ્રવૃત્તિ જાણવામાં આવે છે તો તે કઈ રીતે હોય છે?

(૪) કોઈ જીવ સમ્યગ્દર્શન થયા પછી નબળાઈના કારણે વ્રત ધારણ કરી શકતો નથી, તો શું તેને નિશ્ચયાભાસી કહેવાય? ચર્ચા કરો.

(૫) સમ્યગ્દર્શન થયા પહેલા કોઈ જીવ પંચમ ગુણસ્થાનને અનુરૂપ વ્રતાદિ ક્રિયા ન કરી શકે તો તેને સમ્યગ્દર્શન ન થાય? ચર્ચા કરો.

**પ્રશ્ન–૩ નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૪)**

(૧) ગ્રંથકાર વિકલ્પની શું વ્યાખ્યા આપે છે?

(૨) છદ્મસ્થોનું જ્ઞાન કઈ રીતે કાર્ય કરે છે?

(૩) ગ્રંથકાર કોને નિર્વિકલ્પતા માનતા નથી.

(૪) પરને જાણવાથી વિકલ્પ થાય તે બરાબર છે? શા માટે?

**પ્રશ્ન–૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર વીસ લીટીમાં નિબંધ લખો.(૧૦)**

(૧) સંસારી જીવોને રાગાદિભાવ હોય છે તે કોના અસ્તિત્વમાં છે, નિશ્ચયાભાસીની તે વિષે શું માન્યતા છે ?

(૨) ‘‘સ્વદ્રવ્યના ચિંતવનથી નિર્જરા અને પરદ્રવ્યના ચિંતવનથી આસ્રવ બંધ થાય છે’’ તે શું સત્ય છે ચર્ચા કરો.

નોંધ : મોક્ષમાર્ગપ્રકાશક પ્રશ્નપત્ર–૬નાં ઉત્તરપત્રો મોડામાં મોડાં તા. ૫–૪–૨૦૧૪ સુધીમાં સોનગઢ પહોંચે તે રીતે રવાના કરવા વિનંતી છે.

---


## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા

તા. ૧-૩-૨૦૧૪

અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

### સૌરાષ્ટ્રની પ્રસિદ્ધ નગરી જામનગરમાં શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવની વેદી પ્રતિષ્ઠા મહોત્સવ તથા ધાર્મિક શિક્ષણ શિબિર સાનંદ સંપન્ન.

જામનગરના ભગવાન મહાવીરસ્વામી જિનમંદિરના ૫૦ વર્ષ પૂર્ણ થવાથી ત્યાંના મુમુક્ષુમંડળે અત્યંત ભક્તિભાવપૂર્વક જિનમંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. ત્યાંના વિદેહીનાથ સીમંધર ભગવાનના સમવસરણ મંદિરમાં શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવની પ્રતિમાનો ફરીથી વેદી પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૪-૨-૧૪ થી તા. ૬-૨-૧૪ સુધી સંપન્ન થયો. શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના માર્ગદર્શનમાં આયોજિત આ ઉત્સવમાં જામનગરના સમગ્ર મુમુક્ષુ મંડળ તથા સોનગઢ આદિ બહારથી પધારેલા મહેમાનોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો. તા. ૬-૨-૧૪ના રોજ જિનમંદિરની વાર્ષિક તિથિ હોવાથી જિનમંદિર શિખરનું ધ્વજારોહણ સંપન્ન થયું. ત્યારબાદ જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા, પૂજા, સમવસરણમાં શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રતિમા સ્થાપન, વિવિધ જિનવાણીનું સ્થાપનાનું સમાપન થયું. આ ઉત્સવ દરમિયાન ધાર્મિક શિક્ષણ શિબિર, ઈન્દ્રસભા, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. જામનગર મુમુક્ષુ મંડલના સભ્યોએ સર્વ મહેમાનોંએ રોકાવાની તથા ભોજનની સારી વ્યવસ્થા કરી હતી.

### પૂજ્ય બહેનશ્રીની ૮૨મી સમ્યક્ત્વજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૨મા સમ્યક્ત્વજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૨૧-૨-૨૦૧૪, શુક્રવારના રોજ સાનંદ સંપન્ન થઈ. સવારે જિનેન્દ્ર પૂજન પછી મંગલ-દર્શન નિવાસસ્થાનેથી મંગલપત્રિકા વાજતે ગાજતે સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી પત્રિકાનું વાંચન તથા લેખનવિધિ અનેક મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થઈ. શ્રી મંગલ દર્શન સોસાયટી મુમુક્ષુવૃંદ વતી શ્રી પ્રવીણભાઈ સારાભાઈ શાહે પત્રિકાનું વાંચન કર્યું હતું.

### શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૦ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૦મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર, રાજકોટ દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં દ્વિદિવસીય મહોત્સવરૂપે ચૈત્ર સુદ-૧૨ શનિવાર તા. ૧૨-૪-૨૦૧૪ થી ચૈત્ર સુદ-૧૩ રવિવાર તા. ૧૩-૪-૨૦૧૪ સુધી પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા**
**પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મા જન્મ મહોત્સવના સૌજન્યકર્તાઓ**
**આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

## પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૫મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૫મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા મહોત્સવના સૌજન્યકર્તા મુમુક્ષુઓ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૫મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૪-૪-૨૦૧૪, ગુરુવારથી તા. ૧-૫-૨૦૧૪, ગુરુવાર—અષ્ટ દિવસીય 'શ્રી જિનસહસ્રવસુનામ પૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રવાંચન, ધાર્મિક શિક્ષણ વર્ગ, વઢવાણ તથા મલાડની દિ. જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૨૫-૦૩-૨૦૧૪, મંગળવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તથા
મહોત્સવના સૌજન્યકર્તા મુમુક્ષુઓના
જય-જિનેન્દ્ર

## (૧૦)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(પ્રસ્તુત પ્રશ્નના ઉત્તરો બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૧ થી ૪૩૨ માંથી મળશે
ઉત્તર લખનારે ઉત્તર સાથે બોલ નં. પણ લખવો)

(૧૮૧) રુચિથી માંડી ઠેઠ કેવળજ્ઞાન સુધી ...................... જ જોઈએ છે. (બોલ નં.......

(૧૮૨) સત્‌ના ઊંડા .................. રેડ. (બોલ નં.......

(૧૮૩) હવે જો .................... નહીં કરે તો ક્યા ભવે કરશે. (બોલ નં.......

(૧૮૪) હું ...................... છું, હું બંધાયેલ નથી તે બધું છોડી અંદર જા. (બોલ નં.......

(૧૮૫) આત્મા એક ...................... છે. બીજું બધુંય અધ્રુવ છે. (બોલ નં.......

(૧૮૬) રાગનું ..................... હોય તેને આત્મામાં જવાનું બને નહિ. (બોલ નં.......

(૧૮૭) શુભભાવ ................. પ્રમાણે આવે છે પણ તે શાંતિનો માર્ગ નથી. (બોલ નં......

(૧૮૮) વિભાવભાવ .................. નથી પણ બધે .............જ ચળકે છે. (બોલ નં.......

(૧૮૯) ................ સંગ તારો પુરુષાર્થ મંદ પાડવાનું કારણ થાશે. (બોલ નં.......

(૧૯૦) પૂજ્ય ગુરુદેવનાં......................... ભક્તિ અને તેમનું ............... નિરંતર રહો. (બોલ નં.......

(૧૯૧) જેને આત્માનું કરવું છે તેને ............ નડતો નથી. (બોલ નં.......

(૧૯૨) અમર્યાદિત તો .................... સ્વભાવ જ છે. (બોલ નં.......

(૧૯૩) જાગતો ................ ઊભો છે તે ક્યાં જાય .................... પ્રાપ્ત થાય જ. (બોલ નં.......

(૧૯૪) મુનિઓ તો ...............—....................માં સદા ઝૂલનારા છે. (બોલ નં.......

(૧૯૫) તું ....................અપેક્ષાએ બધું બહારનું ન છોડી શકે તો ...............અપેક્ષાએ તો છોડ. (બોલ નં.......

(૧૯૬) જેવું ................ ભગવાનનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે. (બોલ નં.......

(૧૯૭) શાસ્ત્રાભ્યાસાદિકનું ................ તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે. (બોલ નં...

(૧૯૮) આ ...................... અમારો દેશ નથી. (બોલ નં.......

(૧૯૯) જીવનમાં એક ........................... જ ઉપાદેય છે. (બોલ નં.......

(૨૦૦) આત્મા જ ................ નું ધામ છે. તેમાંથી સુખ મળશે. (બોલ નં.......

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી-૨૦૧૪ના ઉત્તર

| | |
|---|---|
| (૧૬૦) | શુદ્ધ |
| (૧૬૧) | પુરુષાર્થ |
| (૧૬૨) | અનિત્ય |
| (૧૬૩) | વિષ્ણુકુમાર |
| (૧૬૪) | ભેદ |
| (૧૬૫) | નિશ્ચય |
| (૧૬૬) | અકલંક |
| (૧૬૭) | પોતાનું સ્વરૂપ |
| (૧૬૮) | તત્ત્વમાં – તત્ત્વ |
| (૧૬૯) | ઝેર (કાળા નાગ) |
| (૧૭૦) | ૨૭૧ થી ૨૭૫ |
| (૧૭૧) | ૧૨ – ૧૪ |
| (૧૭૨) | અસંખ્ય – અનંત |
| (૧૭૩) | ૧૯૯૫ |
| (૧૭૪) | હસ્તિનાપુર |
| (૧૭૫) | ૧૯૭૮ |
| (૧૭૬) | ૨૦૧૩ |
| (૧૭૭) | ચતુર્થાદિ – સાતમા |
| (૧૭૮) | બાહ્ય કારણોથી |
| (૧૭૯) | સહજ |
| (૧૮૦) | બંધ – મોક્ષ |

(૧૦)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧૮૧) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો જન્મ ..................... ગામમાં થયો હતો

(૧૮૨) બહેનશ્રી ચંપાબેનના માતુશ્રીનું નામ .................. તથા પિતાશ્રીનું નામ ...................... હતું.

(૧૮૩) બહેનશ્રી ચંપાબેનને સમ્યક્દર્શન .................. વર્ષની ઉંમરે થયું હતું.

(૧૮૪) બહેનશ્રી ચંપાબેનને સં. ...................ના ચૈત્ર વદ ............ના દિવસે જાતિસ્મરણજ્ઞાન થયું હતું.

(૧૮૫) બહેનશ્રી ચંપાબેનના બે ભાઈઓનું નામ .....................અને .................... હતું.

(૧૮૬) બહેનશ્રી ચંપાબેનને સમ્યગ્દર્શન ...................... ગામમાં થયું હતું.

(પ્રસ્તુત પ્રશ્નોના ઉત્તર 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ નં. ૧ થી ૬૦ માંથી મળશે.)

(૧૮૭) .................... ગમે તેવું છે. આત્મામાં .................. ભર્યો છે

(૧૮૮) આત્માની ખરેખરી ......................... લાગે ને અંદરમાં ................ ન થાય એમ બને જ નહીં.

(૧૮૯) ............... સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય હોય છે.

(૧૯૦) ............... કહે છે કે ડગલે ને પગલે ............ ની જરૂર પડે છે.

(૧૯૧) જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ............ છે ................ છે.

(૧૯૨) .................નો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.

(૧૯૩) .............. સમય જીવ ચેતીએ ................ સમય શા ઉચાટ.

(૧૯૪) પ્રથમ ................. પલટો કરે તો .................. પલટો સહજ થઈ જશે.

(૧૯૫) અરે મારી બા, મારી બા, એવી જ રીતે .......... - ........... રહેવી જોઈએ.

(૧૯૬) ................ પૂરેપૂરું દુઃખ લાગવું જોઈએ.

(૧૯૭) સત્‌ના .................. ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ ................ પ્રગટશે.

(૧૯૮) તારા ......................... ખાતર આ ................ અર્પણ કર.

(૧૯૯) ........................... ભાવના કદી નિષ્ફળ જતી નથી.

(૨૦૦) પુણ્યોદયે આ .............. મળ્યો આ ............ પામ્યા, આવા ................ મળ્યા હવે જો પુરુષાર્થ નહીં કરે તો ક્યા ભવે કરશે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી-૨૦૧૪ના ઉત્તર

(૧૬૧) અભાવ
(૧૬૨) દસ
(૧૬૩) ૧૪ રત્ન - ૯
(૧૬૪) કોણિક
(૧૬૫) કૃતાંકવક્ર
(૧૬૬) સહજાનંદી—અવિનાશી
(૧૬૭) પીત
(૧૬૮) રામ - લક્ષ્મણ
(૧૬૯) ૫૦૦
(૧૭૦) ૧૫
(૧૭૧) કાર્મણ શરીર
(૧૭૨) જરતકુમાર
(૧૭૩) અકાલ
(૧૭૪) ૩૨ હજાર
(૧૭૫) પ્રાગભાવ
(૧૭૬) નમઃ સિદ્ધેભ્યઃ
(૧૭૭) ઉત્પાદ
(૧૭૮) ધર્મ-અધર્મ-આકાશ-કાળ
(૧૭૯) પ્રતિજીવી
(૧૮૦) નેમિનાથ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✽ (આત્મા) વસ્તુ જે જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ એવું જેને જ્ઞાન થયું તેને આત્મા ભાસે છે. તેને રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો છે તેમ તેને ભાસતું નથી. રાગ સંબંધી જે પોતાનું જ્ઞાન તે જ્ઞાનનું થવું ભાસે છે. પોતાનું જ્ઞાન ને રાગનું જ્ઞાન તે જ્ઞાનપણે ભાસે છે પણ વિકારપણે ભાસતું નથી. ૪૬.

✽ (સમયસાર) સંવર અધિકારમાં તો એમ કહ્યું છે કે, જાણનક્રિયા તે આધાર છે ને દ્રવ્ય તે આધેય છે. ત્યાં આશ્રયની (અવલંબનની) વાત નથી. પણ શેમાં—કોનામાં જણાય છે તે અપેક્ષાની મુખ્યતાથી ત્યાં વાત છે. ધ્રુવ વસ્તુ પોતે ધ્રુવ વસ્તુને જાણતી નથી. પણ પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. કાર્યમાં કારણનું જ્ઞાન થાય છે તેમ દર્શાવ્યું છે. તેમ અહીં પણ એક કહ્યું કે સ્વાનુભૂતિથી વસ્તુ પ્રકાશે છે એટલે કે અનુભૂતિની પર્યાયમાં ધ્રુવ વસ્તુ જણાય છે. પરંતુ અનુભૂતિની પર્યાયની દૃષ્ટિ કરવાથી ધ્રુવ વસ્તુ પ્રકાશે છે, એમ અહીં કહેવું નથી. નિર્મળ પર્યાય વસ્તુનો આશ્રય કરે છે. ત્યારે તે નિર્મળ પર્યાયમાં વસ્તુ જણાય છે. જાણનારી પર્યાય હોવાથી પર્યાય દ્વારા દ્રવ્ય પ્રકાશે છે. તેમ કહ્યું છે. ૪૭

✽ દ્રવ્યદૃષ્ટિનો વિષય એવું જે આત્મદ્રવ્ય તેને સમ્યક્પણે સમજવા માટે જ આચાર્યદેવે નયનો અધિકાર લખ્યો છે. પ્રમાણ જ્ઞાનનો વિષય એવો જે દ્રવ્ય-ગુણ-પર્યાય સહિતનો આત્મા, તેના યથાર્થ જ્ઞાન વિના શુદ્ધ-દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યસામાન્યનું અવલંબન શી રીતે લઈશ? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ શુદ્ધ જ છે, પરંતુ યોગ્યતારૂપ અનંત ધર્મો છે એ જાણીને ત્રિકાળી વસ્તુભાવને મુખ્ય કરી તેનું અવલંબન લેવું તે આ નયોના કથનનું પ્રયોજન છે. ૪૮.

✽ ઈશ્વરનયનું તાત્પર્ય એમ છે કે, પરને વશ થવારૂપ પરતંત્રતા તેં તારી સ્વતંત્રતા વડે ઊભી કરી છે, માટે તે પરવશતા પણ તું તારા સ્વતંત્ર સામર્થ્ય વડે તોડી શકીશ. તારી પરતંત્રતા નાશ માટે તારે પર સામે જોઈને બેસી રહેવું પડે તેમ નથી. ૪૯.

✽ પોતે વિકારરૂપે, રાગરૂપે પરિણમતો હતો. તેનો સ્વતંત્રપણે નાશ કરી શકવારૂપ ધર્મનો ધારક આત્મદ્રવ્ય છે. જેમ સ્વયં કર્મને વશ થઈને વિકારરૂપ પરિણમવાનો એક ધર્મ છે તેમ વિકારને નાશ કરવાનું પણ સ્વતંત્ર સામર્થ્ય જીવનું પોતાનું જ છે. વિકારને સ્વતંત્રપણે નાશ કરવાનો ધર્મ પણ જીવે ધારી રાખ્યો છે. કર્મનો ઉદય મોળો પડે ત્યારે વિકારનો નાશ કરી શકે. અથવા પ્રકૃતિ મોળી પડે ત્યારે જીવ પુરુષાર્થ કરી શકે, તે વાત તદ્દન જૂઠી છે. ૫૦.

Posted at Songadh PO
Publish on 1-03-2014
Posted on 1-03-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org